Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મુ. સંવત ૨૦૦૫.

આત્મ સં. ૫૩

અંક ૧૨ મો. તા. ૧-૮-૪૯ અશાડ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સંભવનાથનું સ્તવન ... ... | ...( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૫૩ |
| ૨ | તુમ ! સુનો ! સુનો ! ભારત કે લોકો ... | ...( ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી ) | ૨૫૪ |
| ૩ | શ્રી પર્યુષણ મહાપર્વનો પવિત્ર પેગામ ... | ( આ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ) | ૨૫૫ |
| ૪ | આંસુના બે બિન્દુઓ... ... ... ... | ( મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી ) | ૨૫૬ |
| ૫ | ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ ... | ( ડૉ. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતા ) | ૨૫૯ |
| ૬ | લક્ષ્મી ... ... ... ... ... ... | ( ચીમનલાલ શાહ ) | ૨૬૧ |
| ૭ | ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... | ( મૌક્તિક ) | ૨૬૪ |
| ૮ | ચારૂશીલા રમણીરત્નો... ... ... ... | ( રા. મોહનલાલ ચોકસી ) | ૨૬૫ |
| ૯ | દૈવી ન્યાયમાં વિશ્વાસ ... ... ... ... | ( અનુ૦ અભ્યાસી ) | ૨૬૭ |
| ૧૦ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | ( સભા ) | ૨૭૦ |
| ૧૧ | શ્રી ગિરનારજી તીર્થનું સમાધાન ... ... ... ... | ,, | ૨૭૧ |


**અમારા માનવંતા પેટ્રન સાહેબો અને પહેલા વર્ગના લાઈફ મેમ્બરોને નમ્ર સૂચના.**

શ્રેયસ્કર, વિઘ્નહર **શ્રી પાર્શ્વનાથ ભગવંત** ચરિત્ર વિસ્તારપૂર્વક પૂજ્ય **શ્રી દેવભદ્રાચાર્ય** કૃત અનેક ત્રિરંગી સુંદર ચિત્રો સહિત, સુશોભિત પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છશેંહ પાનાનો સુંદર ગ્રંથ જેઓશ્રીને ભેટ ન મળેલ હોય તેમણે અમોને લખી જણાવવું. **સ્થાનિક ભાવનગરવાળા મેમ્બરોએ પણ સભાએથી જલદી લઇ જવા સૂચના છે.**

---

**બીજા વર્ગના લાઈફ મેમ્બરોએ** તેઓશ્રીને ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે આસો સુદી ૨ સુધીમાં આ ગ્રંથ મંગાવી લેવો. પછી જો સીલિકમાં નહિં રહે તો સભા આપી શકશે નહિં. **અને આવા ઉત્તમ ગ્રંથનો પણ લાભ ગુમાવવો પડશે.** રૂ. ૧૩-૦-૦ ની કીંમતમાંથી રૂા ૨) ભેટના કાપી આપશું તો રૂ. ૧૧) ભરીને ગ્રંથ લઇ જશો.

---

**ભાદરવા વદ ૦)) સુધીમાં નવા થનારા પ્રથમ વર્ગના લાઈફ મેમ્બરોને પણ આ ગ્રંથ ભેટ આપવામાં આવશે.**

**શ્રાવણ વદી ૩૦ સુધીમાં બીજા વર્ગમાંથી વધુ રૂા. ૫૦) ભરી પ્રથમ વર્ગના થનાર લાઇફ મેમ્બરને** પણ આ ગ્રંથ ભેટ આપવામાં આવશે.

---

**આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરંતર કેમ થતી જાય છે ?**

આ સભા તરફથી દર વર્ષે સંપૂર્ણ કાર્યવાહી, સરવૈયું વગેરે સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરોને આત્મકલ્યાણના સાધન ( અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ ) માટે કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરૂષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે.

નવા થયેલા અને હવે પછી નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના સભાસદોને નીચે મુજબ છપાતાં ગ્રંથો જે કે આસો માસ સુધી સંપૂર્ણ છપાઈ જવા સંભવ છે તે ત્રણ ગ્રંથો **૧ શ્રી દમયંતી ચરિત્ર** સચિત્ર ૩૫૦ પાનાનો પૂર્વાચાર્ય શ્રી માણિકયદેવસૂરિ કૃત **૨ શ્રી જ્ઞાનપ્રદીપ**

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫. આષાઢ પુસ્તક ૪૬ મું.

વિક્રમ સં. ૨૦૦૫. :: તા. ૧ લી ઓગસ્ટ ૧૯૪૯ :: અંક ૧૨ મો.

## શ્રી સંભવનાથનું સ્તવન

( રાગ—કાલી કમલીવાલે. )

**સંભવ** જિનવર સ્વામી, પ્રભુને લાખો પ્રણામ.
આપ જ છો શિરતાજ, પ્રભુને લાખો પ્રણામ.—ટેક.

ભવદુઃખભંજન, જનમનરંજન
કાપો કુબુદ્ધિ આજ નિરંજન
ગંજન છો આ વાર—પ્રભુને૦ ॥ ૧ ॥

મોહ ક્રોધ ને, માયાને મારો
આ ભવદુઃખ, ફેરો ટાળો
આપ જ છો સુખકાર.—પ્રભુને૦ ॥ ૨ ॥

શિવલક્ષ્મીના, આપ પૂજારી
વારી તુમ પર, શિવ વરનારી
**સંભવ** તારો, ભવપાર.—પ્રભુને૦ ॥ ૩ ॥

રચયિતાઃ—**મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તુમ ! સુનો ! સુનો ! ભારત કે લોકો

[ ભારત કી એક સન્નારી કી ( રામરાજ્ય )—એ રાગ. ]

તુમ ! સુનો ! સુનો ! ભારત કે લોકો,
એક યોગી જન કી ગાથા.
તેજકેરા અંબાર ઉતર્યા, આકાશેથી આજે. તુમ સુનો !૦

મગધદેશના ક્ષત્રીકુંડે, સિદ્ધારથ પટરાણી;
તસ કુક્ષે અવતરીયો યોગી, વર્ધમાન મહાવીર. તુમ સુનો !૦ ૧

ક્ષાત્રતેજના વહે ઝરણાં શ્યાં, ભારત કાયા પલટે;
રાજ્યપાટ ને મૂકી યશોદા, ચાલ્યો જંગલ વાટે. તુમ સુનો !૦ ૨

તપથી તપતો ધ્યાને યોગી, કાયા કોમળ એની;
ભૂલ્યો દેહના ભાન સઉસે, ભીતર જ્યોત શું જાગી. તુમ સુનો !૦ ૩

ઉપસર્ગોના આવે ધાડાં, ક્ષમાખડગ લઇ ઊભો;
શત્રુ થઇ આવ્યો અભિમાની, ભક્ત બનીને જાતો. તુમ સુનો !૦ ૪

ચંડકોશી ને ચંદનબાળા, અર્જુનમાળી તાર્યા;
ઈંદ્રભૂતિ ને બાંધવ એના, જ્ઞાનાંજન તેં કીધાં. તુમ સુનો !૦ ૫

ધ્યાન ક્ષમા વીરતાના વૃક્ષો, નવપલ્લવ તો કીધા;
"વૈરાટી" એની છાયામાં, સોહમ્ ધ્યાને રહેતા. તુમ સુનો !૦ ૬

રચયિતા—ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પર્યુષણ મહાપર્વનો પવિત્ર પેગામ.

લેખકઃ—પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.—કરાડ (મહારાષ્ટ્ર)

પરમ પવિત્ર શ્રી પર્યુષણ મહાપર્વમાં પણ પાવન નહિ થાઓ તો પછી ક્યારે થાશો? આવા પવિત્ર પર્વમાં પાવન નહિ થનારા તૃષાતુર છતાં ક્ષીરસમુદ્રના કાંઠે તરસ્યા રહેનારાની જેમ જીવનનો વિનાશ કરી રહ્યા છે. આ વાત ભવ્યાત્માએ ભૂલવી જોઈતી નથી.

મિથ્યાત્વ, કષાય અને અવિરતિના જોરથી જીવન જકડાએલું છે. તેને સમ્યક્ત્વ, સંયમ અને અકષાયિતાથી નિર્મુક્ત બનાવવાની ભાવનાવાળાએ આત્મગુણોમાં સારી રીતે વસવું એવા અર્થસૂચક શ્રી પર્યુષણ મહાપર્વમાં વિષયવાસના, મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ કરી ધર્મભાવનાથી વાસિત બનવું જોઈએ.

કર્મશત્રુનો વિજય કરવાનો જે પળે પળે પેગામ પાઠવે છે એવો દિવ્યજ્યોતિને અર્પનાર પવિત્ર શ્રી પર્યુષણ પર્વમાં અઠ્ઠમાદિ તપસ્યા, વૈરવિરોધની પ્રતિક્ષામણા, ચૈત્યપરિપાટી, સાધર્મિક વાત્સલ્ય અને અમારી ઉદ્દ્ઘોષણા આદિ ધર્મકાર્યોમાં કટિબદ્ધ થજે અને ત્હારા આત્મબલનો વિકાસ કરનાર અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને આકિંચન્યમાં ધ્યાન લગાવી એ ગુણોનો સંપૂર્ણ વિકાસ થાય તેવો પ્રયત્ન કરજે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર અનાદિ કાલથી વિડંબનારી વ્યક્તિઓ ઉપર ક્ષમા, નમ્રતા, સરલતા અને નિર્લોભતારૂપી અસ્ત્રો ફેંકી શ્રી પર્યુષણ મહાપર્વ જેવા પુનિતતમ પર્વમાં તેનું વિદારણ કરવાનું આવશ્યક કાર્ય ભૂલીશ મા.

પાપ વ્યાપારોને ત્યજી, ધર્મવ્યાપારોનો સાજ સજી, આવતા શ્રી પર્યુષણ મહાપર્વને સદાચારરૂપી મોતીઓથી વધાવવા તૈયાર રહેજે.

વર્ષભરમાં નહિ નીકલતા ઝગડાઓને પર્વના પવિત્ર દિવસોમાં કાઢી, કષાયોને વધારી ત્હારા આત્માને કલુષિત કરીશ નહિ.

કોઇ પણ સાધર્મીભાઇ દુઃખથી રીબાતો રહે અને તું એશઆરામમાં મ્હાલ્યા કરે, લક્ષાધિપતિ અને કોટ્યાધિપતિ હોવા છતાં તેમની રાડ ન સાંભલે એ કેટલું બધું લજ્જાસ્પદ કહેવાય? માટે સાધર્મિક બંધુઓનો ઉદ્ધાર કરવા બરાબર બીજો કોઈ ધર્મ નથી એ વાત શ્રી પર્યુષણ મહાપર્વમાં શ્રી ગુરુવર્યના મુખકમલથી શ્રવણ કરી હૃદયથી નહિ વિસરવા સાથે લક્ષ્મીની ચંચલતાને વિચારી તેનો સદ્વ્યય કરવા ઉદાર બનજે.

ધાર્મિક શિક્ષણના અભાવવાળું શિક્ષણ જીવ વગરના મુડદા જેવું માની દરેક ગૃહસ્થોએ ધાર્મિક કેળવણીના પ્રચાર માટે લાખોની સખાવતો કરી મરેલા મુડદાને સજીવન કરી સંજીવની વિદ્યાનો પ્રચાર કરવો જરૂરી છે.

ધર્મના ધ્યેયને નહિ ચૂકી, સમાજને ધર્મપ્રેમી બનાવનાર પત્રકારો તથા લેખકો સમાજને આશીર્વાદરૂપ થાય છે. જ્યારે સંસારની વાસનાનું ધ્યેય પૂર્ણ કરવાની કામનાથી ધર્મ

For Private And Personal Use Only

# આંસુના બે બિન્દુઓ

લેખકઃ—**મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી.**

ભલભલાને લલચાવે એવી શ્રીમંતાઇ હતી. સંપત્તિનો પાર ન હતો. લક્ષ્મીની લીલા લહેર હતી. પરિવારમાં કાંઇ ઊણપ ન હતી. રહેવાને રાજમહેલ સમા મોટા મન્દિરો હતા. માથે મુકુટ સમા સ્વામી હતા, સ્વામી હતા એટલું જ નહિં સ્વામીનો સંપૂર્ણ સ્નેહ હતો. શિરચ્છત્ર સાસુ–સસરા હતા. કાયા નીરોગ હતી. સાસરે સુખ હતું એવું જ પિયરમાં પણ સુખ હતું. સુખમાં–સંસારમાં જે સુખસામગ્રી ગણાય છે તેમાં કાંઇ ખામી ન હતી. જેના સૌભાગ્યની સારી સારી સુન્દરીઓને ઇર્ષ્યા થતી તે શાલિભદ્રની બહેન ને ધન્યકુમારની પ્રિયતમા સુભદ્રાની આંખમાંથી એક વખત આંસુના બે બિન્દુઓ ટપકયા. એ આંસુઓ વિચિત્ર હતા. તે સ્ત્રીએ દુઃખ નો'તું જોયું એમ નહિં. રાજરમણી માફક રહેતી તે સ્ત્રીએ એક સમય તળાવ ખોદવાનું કામ પણ કર્યું હતું. સવારથી માંડીને સાંજ સુધી ધૂળના ટોપલા ઊંચકી ઊંચકીને ઉપાડ્યા હતા. તે સમયે પણ તેની આંખ ભીની ન્હોતી થઇ. ઊલટી એવા દુઃખમાં પણ તે સહચરીઓને આનંદ ઉપજાવતી, હસાવતી, પોતાની મધુરતાથી બીજાના દુઃખો ભૂલાવી દેતી. જીવનમાં પહેલી વાર કહો કે છેલ્લી વાર પણ તે આજે રડી પડી. દુઃખમાં વજ્ર જેવી અડગ રહેલી તે સ્ત્રીએ આજે શા કારણે આંસુ સાર્યાં એ સમજી શકાયું નહિં.

*                *                *

આંસુનું શાસ્ત્ર ગહન ને અકળ છે. આપણે માનતા હોઈએ કે આ તો કોઈ દિવસ રોવે જ નહિં, તેને પણ જ્યારે પોકે પોકે ને ધ્રૂસકે ધ્રૂસકે રોતા જોઇએ ત્યારે આપણને આશ્ચર્ય થયા વગર રહેતું નથી. વજ્ર જેવી કઠોર છાતીના રડે છે–રડે છે પણ બીજાની દૃષ્ટિએ નજીવા કારણે, જ્યારે વાત–વાતમાં રોઇ પડનારા રુદનનું મહાન્ કારણ બન્યા છતાં એક આંસુ પણ પાડતા નથી. પૃથ્વીના પેટમાં પાણીની સરો વહેતી હોય છે. કૂવો ખોદતા જો તે સર ફૂટે

---

વિરુદ્ધ પ્રચાર કરનાર શ્રાપરૂપ નિવડે છે. તે વાત પત્રકારોએ તથા લેખકોએ ભૂલવી જોઇતી નથી. ભૂતપૂર્વના અપરાધ માટે શ્રી પર્યુષણ મહાપર્વ એ તેમને માટે મોંઘેરી તક છે.

શમદમાદિ ગુણવિભૂષિત મુનિવરો તથા સાધ્વીજીઓએ પણ આ પુનિતતમ પર્વમાં અનાદિકાલથી ભોગમાં આસક્ત બનેલી અને પ્રાયઃ તેમાં જ મનુષ્યજન્મની સાર્થકતા માનવાની મૂર્ખતા કરનાર અજ્ઞાન દુનિયા આગલ અગ્નિમાં ઘી હોમવાની જેમ ભોગની કહાણી ન કરતાં ત્યાગનો અપૂર્વ સંદેશ પાઠવી તેમને મનુષ્ય જન્મની સાચી સાર્થકતા સમજાવવા છતી શક્તિએ કદાપિ પાછી પાની કરવી નહિ તથા સ્વયં શમ અને દમ કેળવી જ્યાં જ્યાં કલેશની હોળીઓ સળગતી હોય તેને જ્ઞાનરૂપ નીરથી બુઝાવવા પ્રયત્ન કરવો એમાં જ સાધુપણાની શોભા છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો સરૂસરૂ કરતો પાણીનો પ્રવાહ વહે છે, પણ જો સર બાજુમાં રહી જાય ને ગમે તેવા સાધનોથી આઘાત કરી ખોદવામાં આવે તો પાણીનું ટીપું પણ નહિં નીકળે એ પ્રસિદ્ધ હકીકત છે. એ જ પ્રમાણે આંસુની સર વહેતી હોય છે, એ સરના મર્મસ્થાન પર જરી આઘાત થાય તો તે ફૂટી નીકળે છે ને તેના પર આઘાત ન થાય એવા ગમે તેવા પ્રસંગો બને તો પણ એકે આંસુ આવતું નથી. દુનીયામાં કોણ રોતું નથી? રાજા રોવે છે, રંક રોવે છે, સ્ત્રી રોવે છે, પુરુષ રોવે છે, બાળક રોવે છે, યુવાન રોવે છે, વૃદ્ધો પણ રોવે છે, પશુઓયે રોવે છે. કહેવાય છે કે ઝાડો પણ રોવે છે. રુદન્તી નામની વેલડી પણ રોવે છે. સહુ કોઈ પોત–પોતાના સ્વાર્થને રોવે છે એમ કહેવાય છે પણ બધે એમ જ બનતું હોય છે એવું કાંઇ નહિં. પારકું દુઃખ ન દેખી શકવાથી પણ રોનારા ઘણા હોય છે. એક એવો જ વિચારનો હલેસો સુભદ્રાનાં અન્તઃકરણમાં આવ્યો કે તેની આંસુની સર ફુટી નીકળી, તે સર દાબી દબાણી નહિં. વીરપત્ની ને વીરભગિનીની આંખમાંથી આંસુના બે બિન્દુઓ ટપકી પડ્યા.

* * *

ઉનાળાનો બપોર તપતો હતો. દિશાઓ સળગી ઊઠી હતી. પવન પણ પ્રજળતો વાતો હતો. ક્ષણ ઘડી જેવી ને ઘડી દિવસ જેવી લાગતી હતી. પંખીઓ પણ પોતાની પાંખો સંકોરીને વૃક્ષની ઘટામાં જઈને છુપાયા હતા. કોઈ સળવળતું નહિં. નાના નાના રસ્તાઓ પણ પહોળા ને લાંબા લાગતા હતા. તાપના બાફ ને ગરમીના ઉકળાટને દૂર કરવા કોઇ વીંજણી વીંજતું હતું તો કોઇ શરીરે ચંદનનું વિલેપન કરતા હતા. કોઇ ખસની ટટીઓ બાંધી તે પર પાણી છાંટતા હતા તો કોઇ જલાશયનું સેવન કરતા હતા; પણ સર્વ સેવન પૂરતા જ સુખકર થતા. આ ગરમી દૂર કરવા માટે ધન્યકુમાર પોતાના આંગણામાં એક શીતળ વૃક્ષછાયામાં સુવર્ણ બાજોઠ ઢાળી વિવિધ સુગંધી ને શીતલ ચૂર્ણમિશ્રિત જળથી સ્નાન કરવા બેઠા છે. ખુલ્લું બદન છે ને તેના ઉપર ધીરે ધીરે હિમ જેવા શીતલ નીરની ધારા ઢોળાય છે. પીઠ પર સુભદ્રાના કમળના પત્ર જેવા શીત–સુકોમળ હાથ ફરે છે. તે સમયે સુભદ્રાના સરોજ–નયનમાંથી બે બિન્દુઓ ખર્યા ને જઈ પડયા ધન્યકુમારની પીઠ પર. ઠંડકના સર્વ ઉપચારો ચાલતા હતા તેમાં આ બે ઉષ્ણ બિન્દુઓનો સ્પર્શ ધન્યકુમારના ચિત્તને વિચિત્ર લાગ્યો. તેમણે મુખ ઊંચું કર્યું, ને સુભદ્રાના મુખ સામું જોયું. સદાકાળ હસતી, પ્રફુલ્લ રહેતી, સ્મિત વેરતી સુભદ્રાને રોતી જોઇને તેમને આશ્ચર્ય થયું. તેઓ તેની સામે જોઇ રહ્યા, જાણે તેને રોતી જોવી એ પણ એક સૌભાગ્ય ન હોય તેમ અનિમેષ આંખે નીરખી રહ્યા. તેમને સમજાયું નહિં કે શા કારણે આ રોવે છે. ક્ષણ ભર તો કોઇ કાંઇ ન બોલ્યું. જે આંખોથી જેમણે હજારો વખત ફૂટ વાતો સમજી–સમજાવી હતી તે જ આંખો આજ કાંઈ પણ ખુલાસો કરી શકતી ન હતી. વાતાવરણ ગંભીર બનતું હતું–તેમાં જાણે સર્વ ઉપતાપ શમાવવાનો સમય ન પાકયો હોય તેમ આકાશમાં મેઘ ચડી આવ્યો ને તેણે ધીરગર્જન કરી ધરિત્રીને રસતરબોળ કરવાની શરુઆત કરી.

* * *

ધન્યકુમારે મૌન તોડયું ને પૂછયું ભદ્રે! કદી નહિં ને આજે એવો શો દુઃખદ પ્રસંગ ઉપસ્થિત થયો છે કે તમારા લોચનની જોડી અશ્રુભીની બની છે. શું કોઇએ કટુ વચન કહ્યાં છે કે કોઇએ અસહ્ય અપમાન કર્યું છે? શું કોઇ એવા અરમાન જાગ્યા છે કે જે કહી શકાતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તે માટે આ પ્રમાણે વ્યક્ત કરાય છે; છે શું ? જે હોય તે વિના સંકોચે કહો કે જેથી તેનું નિવારણ કરાય.

ના નાથ ! એવું કાંઈ નથી. આપની છત્ર-છાયામાં સ્વપ્ને પણ એવું બનતું નથી. એવી કોઇ આપને પુણ્યે અહિં ખામી નથી કે અજૂગતા અભિલાષ કરીને રોવું પડે. રોવાનું કારણ દુઃખ નથી પણ સ્નેહ છે. ભાઇ શાલિભદ્ર, આપને ખબર નહિં હોય પણ અમુક વખતથી વૈરાગ્યવાસિત થયા છે. આ પરવશ સુખને છોડવા તૈયાર થયા છે. આપને ખ્યાલ હશે કે અમુક સમય પહેલાં આ નગરીમાં એક રત્ન-કામળનો વેપારી આવ્યો હતો. તેની એક કામળનું મૂલ્ય સવાલાખ સોનૈયા હતું. તેની પાસે સોળ કામળો હતી. રાજગૃહીમાં તે વેચાઇ જશે એવી તેને ખાત્રી હતી પણ જ્યારે મહા-રાજા શ્રેણિક પણ એક કામળ ખરીદવા આના-કાની કરવા લાગ્યા ત્યારે તેનું મન પાછું પડયું, તે નિરાશ થયો. તેને માતા ભદ્રાએ બોલાવ્યો, ને રાજગૃહીની નાક જાળવવા સોળ કામળો વીસ લાખ સોનૈયા રોકડા આપી ખરીદી લીધી. મહારાણી ચિલ્લણા દેવીનું મન મનાવવા એક કામળની મહારાજાએ માતાજી પાસે માંગણી કરી, પણ ત્યાંનું આપ જાણો છો. જ્યાં સ્વર્ણ રત્નના આભૂષણો પણ નિર્માલ્ય બને છે ત્યાં આવી કામળની શી કિંમત ! માતાજીએ મહારાજાને કહેવરાવ્યું કે–તે તો કાઢી નાખવામાં આવી છે, હાલ નથી, આપને અન્ય જે કાંઇ જરૂર હોય તે ખુશીથી જણાવો. આપનું વચન અમને શિરોધાર્ય છે. આ બાબતમાં તો હવે અમે લાચાર છીએ.

મહારાજા આ જવાબ સાંભળી ખુશ થયાં. તેમની નગરીમાં આવા ગર્ભશ્રીમંતો વસે છે, તે ખૂબ ગૌરવ જેવું જણાયું. આવી સંપત્તિ નજરે જોવાની તેમને ઇચ્છા જાગી. માતાજી-ને તેમણે કહેવરાવ્યું. મહારાજા પધાર્યા ત્યારે માતાજીએ સુન્દર સ્વાગત કર્યું. જાણે પૃથ્વી પર સ્વર્ગ ન ઉતર્યું હોય એવી સમ્પત્તિ નીરખી રાજાસાહેબ આશ્ચર્ય પામ્યા.

આવી સંપત્તિનો ભોક્તા ભાઇ શાલિભદ્ર સાતમે માળે હતો. નીચેની દુનીયા શું છે તેનું તેને જરીએ ભાન ન હતું. એટલું બોલતા બોલતા ફરી સુભદ્રાની આંખમાં જળજળીયા આવી ગયા. તેણે સુન્દર સાડીના પાલવથી આંખ લૂછી ને આગળ ચલાવ્યું. મહારાજાએ શાલિભદ્રને જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી. માતાજી ભાઈને નીચે બોલાવી લાવ્યા. માતાજીએ મહા-રાજાની ઓળખાણ આપી. એ આપણા મહા-રાજા છે, તેમની કૃપા છે તો આ બધું છે. વગેરે વિગતવાર કહ્યું. ભાઇ તો ભાઇ જ. મહા-રાજાને મળ્યા પછી તેમને આ સ્વર્ગીય સુખમાં રસ નથી. આજ સવારે હું ત્યાં ગઇ હતી ત્યારે બધાને શોકસાગરમાં ડૂબેલા દીઠા. મને પણ ખબર ન પડી કે–એવું શું બન્યું છે કે એ બધા આમ ખિન્ન છે. પૂછયું ત્યારે કહ્યું કે–ભાઇ રોજ એક એક સ્રીનો ત્યાગ કરે છે ને બત્રીશ દિવસે બત્રીશેનો ત્યાગ કરી દીક્ષા લેવાના છે. મેં આ સાંભળ્યું ત્યારથી મારા ચિત્તને શાન્તિ નથી. મને બીજું તો કાંઈ નથી પણ મારો ભાઇ એ પરીસહો કેમ સહી શકશે ? ચારિત્રની ખડ્ગધારા પર તેનાથી કેમ ચલાશે ? એના એ જ વિચારો મારા હૃદયમાં ઘોળાયા કરે છે. અત્યારે પણ મારું શરીર અહિં છે પણ મન તો એ જ વિચાર કરી રહ્યું છે. મારા આંસુનું કારણ આ છે. સુભદ્રાએ સ્પષ્ટ ખુલાસો કર્યો.

અહો! બહુ ભારે કારણ બન્યું છે રોવાનું ! ધન્યકુમારે વિનોદ કરતાં કહ્યું. ભાઇ સંસાર છોડવા તૈયાર થયા છે. અત્યારે આ પ્રભુશ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ.

( લેખકઃ—ડૉ. **ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.** એમ. બી. બી. એસ. )

( ગતાંક પૃષ્ઠ ૨૩૭ થી ચાલુ. )

૨. **શ્રુતજ્ઞાન**—બીજું તેનામાં શ્રુતજ્ઞાન હોવું જોઇએ. સદ્ગુરુ મુખે કે સત્શાસ્ત્રમુખે તેણે શ્રુતનું-અર્થનું શ્રવણ કરેલું હોવું જોઈએ, તેને આગમનું જાણપણું હોવું જોઇએ. અત્રે ' શ્રવણ ' એટલે માત્ર કર્ણેંદ્રિય દ્વારા શબ્દનું સાંભળવું એમ નહિં, પણ સાંભળવાની સાથે ભાવથી અર્થ ગ્રહણ પણ કરી લેવું તે જ સાચું શ્રવણ છે. કારણ કે જેનાદ્વારા તત્ત્વ અર્થાય-શોધાય-તેનું નામ જ અર્થ અથવા **આગમ**-શ્રુત છે. એટલે આ અર્થ-આગમ-શ્રુત જે શ્રવણ કરે, તે તેના અર્થ ગ્રહણરૂપ શ્રવણ પણ કરે, એ સહેજે સમજાય એમ છે.

૩. **સમ્યગ્દષ્ટિ-જ્ઞાનીપણું**—શાસ્ત્રજ્ઞાન હોય, સર્વ આગમ જાણતો હોય, છતાં કદાચને

---

મહાવીરસ્વામી પરમાત્માનો ઉપદેશ સાંભળ્યા પછી સંસાર ઉપરથી મોહ ઉતારવો એ કઇ મોટી વાત છે. ભાઇ એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે તે સાંભળી બ્હેન રોવે છે. ભાઇ એવા બહેન. છોડવું જ છે તો એક એક છોડવી એ શું? છોડવું ત્યારે એક સાથે સર્વ છોડી દેવું, એમાં કાયરતા શી? આવી કાયરતા અકળાવી મૂકે.

આ સાંભળી સુભદ્રાએ જવાબ વાળ્યો, ભાઇનો પક્ષ ખેંચ્યો. તેણે કહ્યું-કહેવું સહેલું છે પણ કરવું દોહીલું છે, બીજા માટે બોલવામાં કાંઇ વાંધો આવતો નથી. પોતા પર આવે ત્યારે જ ખબર પડે છે. **'परोपदेशे पाण्डित्यम्'** દરેકમાં હોય છે.

ધન્યકુમાર હસ્યા. તેમને પણ સંસાર ઉપર રુચિ તો ન હતી. આ પ્રસંગ જતો કરવા જેવો તેમને નં લાગ્યો. બાજોઠ ઉપરથી ઊભા થઇ ગયા ને કહ્યું-આ પરોપદેશની વાત નથી. મારે પણ આજથી તમારો-આઠે સ્ત્રીનો ત્યાગ છે. અમે પણ એ જ ચારિત્ર લેવા સજ્જ થઇશું. હવે વિલંબ કરીશું નહિં. તમે કોઇ પ્રતિબંધ ન કરતા.

નાથ! પ્રાણ! આ તો વિનોદ હતો, આ તો મશ્કરી હતી, તેમાં તમે આમ કરો એ કેમ ખમાય-કેમ સહેવાય! સુભદ્રાએ કહ્યું, ઘણું કહ્યું, ખૂબ વિનવ્યા-મનાવ્યા પણ તેનું કે અન્ય પરિવારનું કાંઇ ચાલ્યું નહિં.

ધન્યકુમાર શાલિભદ્રને ઘેર ગયા ને કહ્યું કે—ચાલ હું ચારિત્ર લેવા તૈયાર થયો છું. છોડવું તેમાં વાર શી? આમ એક એકનો ત્યાગ કર્યે મજા નહિં. મનને મજબૂત કરો ને એક સાથે છોડી ચાલી નીકળો. સાળા બનેવી બન્ને જણાએ પ્રભુશ્રી મહાવીરસ્વામીનું શરણ સ્વીકાર્યું, ચારિત્ર લીધું.

આંસુના બે બિન્દુએ જીવનના ઉજ્જવળ માર્ગમાં વેગ પૂર્યો ને...

એ અશ્રુબિન્દુ અમર બની ગયા.

રોવું હોય તો રોજો પણ આવા ફળ આવે એ રીતે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાની પણ હોય, એટલા માટે ઇચ્છાયોગી '**જ્ઞાની**' હોવો જોઇએ, એવું ખાસ વિશેષણ મૂકયું. ઇચ્છાયોગી **સમ્યગ્દષ્ટિ** પુરુષ હોય, સમ્યગ્દર્શનને પ્રાપ્ત થયેલ **આત્મજ્ઞાની** હોય. સમ્યગ્દર્શન વિનાનું બધુંય જ્ઞાન અજ્ઞાનરૂપ જ છે. કારણ કે શાસ્ત્રસમુદ્રનો પાર પામીને વિદ્વાન્-વિબુધ થયો હોય, પણ અનુષ્ઠાન કરવા યોગ્ય એવું આરાધ્ય ઇષ્ટ તત્ત્વ ન જાણ્યું હોય, તો તે અજ્ઞાની જ કહેવાય. વિબુધોએ (દેવોએ) મંદર પર્વતવડે સાગરમંથન કરી સારભૂત રત્નોની ને તેમાં પણ સારભૂત અમૃતની પ્રાપ્તિ કરી, એમ પુરાણોક્તિ છે. તે રૂપકને અત્રે અધ્યાત્મ× પરિભાષામાં ઘટાવીએ તો વિબુધો (વિદ્વજ્જનો) અધ્યાત્મશાસ્ત્રરૂપ મંદરાચલવડે શાસ્ત્રસમુદ્રનું મંથન કરી, તેમાંથી સારભૂત તત્ત્વ-રત્ન ખોળી કાઢી, પરમ અમૃતરૂપ આત્મતત્ત્વને ન પામે, તો તે તેમનું વિબુધપણું અબુધપણારૂપ જ, અજ્ઞાનપણારૂપ જ છે. પાંચમા અંગમાં-**શ્રી ભગવતી સૂત્ર**માં સ્પષ્ટ કહ્યું છે કે-"નવ પૂર્વ સુધી ભણ્યો હોય, પણ જો જીવને ન જાણ્યો તો તે અજ્ઞાની છે."

"જો હોય પૂર્વ ભણેલ નવ,
પણ જીવને જાણ્યો નહિ,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું,
સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે,
જીવ કરવા નિર્મળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો.

નહિં ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન નહિં કવિચાતુરી;
નહિં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં,
જ્ઞાન નહિં ભાષા ઠરી;
નહિં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન જ્ઞાનીમાં કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો."

"જબ જાન્યો નિજ રૂપકો,
તબ જાન્યો સબ લોક;
નહિં જાન્યો નિજ રૂપકો,
સબ જાન્યો સબ ફોક."

**શ્રીમદ્ રાજચંદ્રજી.**

એટલા માટે ઇચ્છાયોગી 'જ્ઞાની' પુરુષમાં આત્મજ્ઞાન અવશ્ય હોય, ઇચ્છાયોગી પુરુષ સમ્યગ્દષ્ટિ, સમ્યગ્દર્શની, આત્મજ્ઞાની હોય જ.

**૪. પ્રમાદજન્યદ વિકલતા**—આમ આ ઇચ્છાયોગી સમ્યગ્દષ્ટિ આત્મજ્ઞને **દર્શનમોહ** તો દૂર થયો છે, પણ **ચારિત્રમોહની** હજુ સંભાવના છે, એટલે હજુ તેને તેવી સંપૂર્ણ-અવિકલ આત્મસ્થિતિ હોતી નથી, અખંડ આત્માનુચરણરૂપ ચારિત્ર હોતું નથી, કારણ કે હજુ પ્રમાદનો સદ્ભાવ હોવાથી આત્મસ્વરૂપથી પ્રમત્ત-ચ્યુત થઇ જવાય છે, વિકથા વગેરે પ્રમાદના પ્રસંગથી તેના ચારિત્રભાવમાં વિકલપણું-ખામી આવી જાય છે. અને તેથી જ તેનો યોગ-ધર્મ-વ્યાપાર વિકલ-ખામીવાળો હોઇ, જ્ઞાનાચાર વગેરેના કાળ-વિનય વગેરે પ્રકારોમાં અતિચાર-દોષથી તેની સ્ખલના થાય છે.

અત્રે પ્રમાદ એટલે આળસુપણું એવો માત્ર સામાન્ય અર્થ નથી, પણ પ્રમાદ એટલે જે કંઇ વડે કરીને જીવ પોતાની આત્મસ્વરૂપ

× "अध्यात्मशास्त्रहेमाद्रिमथितादागमोदधेः ।
भूयांसि गुणरत्नानि प्राप्यंते विबुधैर्न किम् ॥"
**શ્રી યશોવિજયજીકૃત શ્રી અધ્યાત્મસાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લક્ષ્મી

અનુઃ—**ચીમનલાલ શાહ.**

**સત્તરમી સદીની** આ વાત છે. લગભગ અડધી સદી તો પસાર થઇ ગઇ હશે. હીરાલાલ અને મોતીલાલ નામે બે ભાઇ મુર્શિદાબાદમાં રહેતા હતા. તેઓનું મૂળસ્થાન તો મારવાડ હતું, પરંતુ વ્યાપાર માટે બંગાળમાં જઇને રહ્યા હતા. હીરાલાલની પત્નીનું નામ હતું તારામતી જ્યારે મોતીલાલની પત્નીનું નામ હતું લલિતા.

હીરાલાલ અને મોતીલાલ સ્થિતિએ તો ગરીબ હતા, પરંતુ પ્રભાવિક પ્રેમ અને અનુપમ બુદ્ધિ હોવાથી તથા લલિતામાં વિનય, વિવેક હોવાથી દુઃખ જણાતું ન હતું. અને સુખી બનવામાં સહાયભૂત બનતા.

તારામતીએ એટલે કે હીરાલાલના **શ્રીમતીએ** બન્ને ભાઇને કહ્યું કે જ્યારે સાંજે ઘરે પાછા ફરો ત્યારે સાથે કંઇક ને કંઇક જરૂર લેતા આવવું. જેથી બન્ને ભાઇ ઉદ્યમ કરવામાં રચ્યા-પચ્યા રહેતા હતા. ઘણા દિવસ આ પ્રમાણે પસાર થયા, પરંતુ એક દિવસ મોતીલાલને કંઇ મળ્યું નહીં. જેથી ભાભીએ ટકોર કરી. એટલે મોતીલાલ એકદમ બહાર જતો રહ્યો.

બહાર જતાં-જતાં તેણે એક દિવસ મરેલો સાપ જોયો. તેણે મરેલા સર્પને લાકડી ઉપર લઇ ઘરે આવી ભાભીને કહ્યું, "ભાભી, હું આ વસ્તુ આજ લાવ્યો છું."

ભાભી અને લલિતા પ્રથમ તો ગભરાઇ

---

સ્થિતિથી પ્રમત્ત થાય, ભ્રષ્ટ થાય, ચ્યુત થાય, તેવો વિશાળ અર્થ છે. અને જીવને સ્વરૂપભ્રષ્ટ કરનાર આ પ્રમાદના મુખ્ય પાંચ પ્રકાર છે: (૧) મદ, (૨) વિષય, (૩) કષાય, (૪) નિદ્રા, (૫) વિકથા. અથવા પ્રકારાંતરે તેના આઠ ભેદ છે: (૧) અજ્ઞાન, (૨) સંશય, (૩) મિથ્યાજ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) મતિભ્રંશ, (૭) ધર્મમાં અનાદર, (૮) મન-વચન-કાયાના યોગોનું દુષ્પ્રણિધાન.

અને આ પ્રમાદને લીધે **જ્ઞાનાચાર** વગેરે પંચ આચારના સમ્યક્ પાલનમાં ક્ષતિ થવાનો સંભવ છે છતાં, ઇચ્છાયોગી મુમુક્ષુને ઇચ્છા-પ્રધાનપણું તો અવશ્ય છે જ, એટલે તે મોક્ષ-સાધક ધર્મકર્ત્તવ્ય કરવાની સતત્ અંતરંગ ઇચ્છા ધરાવે જ છે, અને તે ઇચ્છા પ્રમાણે યોગ-ધર્મવ્યાપાર-ધર્મપ્રવૃત્તિ પણ કરે છે, તેનો ધર્મ પુરુષાર્થ તો ચાલુ જ હોય છે, કારણ કે અન્ય સામાન્ય કોટિના જીવો જેમ પ્રમાદી-આળસુ હોય છે, તેવા અર્થમાં તે જ્ઞાની પુરુષ પ્રમાદી હોતો નથી, તે કાંઇ પાદ પ્રસારિકા કરીને આળસુ બેસી રહેતો નથી; તેવા સામાન્ય-પ્રાકૃતજનો કરતાં તો તે અનંતગણો આગળ વધી ગયો હોય છે, કારણ કે તેના કષાય પાતળા પડી ગયા હોય છે, વિષયરસ-વિષયાસક્તિ મંદ પડી ગયા હોય છે, અને આત્મસ્વરૂપ જાણ્યા-સમજ્યા પછી તે જ્ઞાની સમ્યગ્દષ્ટિ પુરુષનો સતત પ્રયત્ન, પુરુષાર્થ, ઇચ્છા પણ પ્રમાદ દૂર કરવા ભણી જ હોય છે.

—(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયાં. કદાચ આપણા ભાગ્યનો અરૂણોદય થશે તેવું આવા વિચિત્ર પ્રસંગ ઉપર વિચાર કરી તારામતીએ (ભાભીએ) કહ્યું કે: આ મૃત સર્પને ઉપર અગાસીમાં મૂકો. અને મોતીલાલે પણ ભાભીની સૂચના મુજબ જ કર્યું.

આ ઘટના જ્યારે બની તે વખતે મુર્શિદાબાદમાં મુર્શિદકુલીખાં નવાબનું શાસન ચાલતું હતું. નવાબનો રાજ્યવૈભવ મહાન શહેનશાહ જેવો હતો. જો કે મોગલ શહેનશાહનો પોતે સૂબો હતો. તેની ધર્મપત્ની બેગમનું નામ હતું 'હેરુન્નિસા'. ખરેખર તે રસમૂર્તિ હતી. નવાબે પોતાની પુલકિત અર્ધાંગના માટે અગાસીમાં એક સુંદર શોભાયમાન બગીચો બનાવરાવ્યો હતો. રાજ્યની અગાસીમાં આ બગીચો બહુ જ શોભાસ્પદ થઇ રહ્યો હતો.

કોઈ વખત હેરૂન્નિસાએ ખાસ કારણસર બગીચામાં ફરતાં ફરતાં જેની કલ્પના પણ ન સંભવે તેવો મૂલ્યવાન હાર એક ખીંતી ઉપર અમુક કારણસર મૂક્યો.

અને બહાર જતાં તે હાર લેવો ભૂલી ગઇ.

આ હારનો આકાર હતો સર્પના જેવો આકારનો, સાંજનો સમય હતો. કોઈ બાજપક્ષી સર્પ ધારીને હારને લઇ ગયું. ઊડીને જતાં–જતાં હીરાલાલની અગાસીએ આવતા સાચો સર્પ જે ભાભીના કહેવાથી મોતીલાલે મૂક્યો હતો તે દેખ્યો. એટલે તે બાજપક્ષી, સર્પ લઇ તે જગ્યાએ હાર મૂકી ચાલ્યું ગયું.

હાર ગુમ થયો તેના સમાચાર રાત્રે ફેલાઇ ચૂક્યા. હાર લાવી આપનારને–શોધી આપનારને એકસો સોનામહોર બક્ષિસ આપવાનું ઇનામ નવાબે પણ જાહેર કર્યું. રાત્રિને કાબૂમાં લઇ સૂર્યનારાયણ પોતાના કિરણ–સૈનિકોથી રાજ્ય ચલાવવાની શરૂઆત કરતા હતાં ત્યારે તારામતી એકાએક અમુક કાર્ય માટે અગાસીમાં ગઇ. જ્યાં મૃત સર્પ મૂકવામાં આવ્યો હતો ત્યાં હારને જોઈ, નવાબનો જ હાર છે તેવું સમજી ગઇ. તેણે બન્ને ભાઇને બોલાવી, હાર આપી, રાજભુવનમાં મોકલ્યા.

અથથી ઇતિ સુધી નવાબે હીરાલાલ અને મોતીલાલનું કથન સાંભળ્યું. તારામતીની આવી કર્તવ્યશીલતા જોઇ ખૂબ આનંદ માની તારામતીને 'માતા' તરીકે સો સુવર્ણ મુદ્રાનું ઇનામ આપ્યું. અને તે ઉપરાંત બીજી સો સોનામહોર હીરાલાલને આપી. જો કે હીરાલાલે આ પ્રકારની ભેટ સ્વીકારવા ના કહી. પણ નવાબ તો બહુ જ મુગ્ધ બની ગયા હતા. જેથી હીરાલાલની કોઇ પણ ઈચ્છા પરિપૂર્ણ કરી આપવાનું વચન આપ્યું. ભવિષ્યમાં હું વચન માગીશ તેવું કહી હીરાલાલે રજા લીધી.

નવાબ સાહેબ મૂળ હિન્દુ જ્ઞાતિના હતા, પરંતુ ધર્મમાં પરિવર્તન કર્યું હતું. મુસલમાન ધર્મ સ્વીકાર્યો હતો. થોડોક સમય પસાર થયો અને દિપોત્સવી પર્વ પણ આવ્યું. પર્વ ઊજવવાની ભાવના થઇ. તેમણે રાજ્ય તરફથી એવો હુકમ બહાર પાડ્યો કે આ વર્ષે આ નગરમાં કોઇના ઘરે દીપક–રોશની પ્રગટાવવી નહી. ફક્ત રાજમહેલમાં જ ઊજવવામાં આવશે. નવાબનો હુકમ પ્રજાને માન્ય રાખવો પડયો.

તારામતીને આવો હુકમ પસંદ ન પડયો. આ વખતે મોતીલાલની સ્ત્રી લલિતા ગર્ભવતી હતી. આ સમયે તેણે હીરાલાલને નવાબ પાસે મોકલ્યો. અને પહેલાનું વચન યાદ દેવરાવી આપણા ઘરમાં દીપક–રોશની પ્રગટાવવાની અનુમતિ માગવા કહ્યું. નવાબ તો વચનથી બંધાઇ ચૂક્યા હતા. તેથી તેને અનુમતિ આપવી પડી. આ મુજબ દિપોત્સવીદિને નવાબ અને હીરાલાલ બન્નેના ઘરે દીપક ઝળહળી રહ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવાબના મકાન ઉપર લાખ્ખોની સંખ્યામાં દિપક ઝળહળી રહ્યા હતા, જ્યારે હીરાલાલના મકાન ઉપર માત્ર એક જ દીપક (શુદ્ધ) ઘીનો ઝળહળી રહ્યો હતો.

દિપોત્સવીના દિવસે સાંજના વખતે તારામતી પાણી ભરવા નદી તટે જતી હતી. ત્યાં તેણે લક્ષ્મીદેવીને એક નાવડામાંથી ઊતરતી જોઇ. લક્ષ્મીદેવીના મુખપટ પર વિષાદની છાયા હતી. તે નવાબના મહેલ તરફ જતી હતી.

'બહેન,' રસ્તામાં જતાં–જતાં તારામતીએ વિનયથી પુછયું, 'શું આપે નવાબનો મહેલ પસંદ કર્યો છે?'

'મારી પસંદગીની વાત ક્યાં છે?' લક્ષ્મીએ પ્રેમપૂર્વક કહ્યું. 'તું જુએ છે કે આજે દિપોત્સવી હોવા છતાં દીપકની હાર માત્ર રાજમહેલમાં જ ઝળહળી રહી છે!'

'જી.' શાંતિથી તારામતી બોલી. 'રાજમહેલમાં લાખ્ખો દીપક પ્રગટેલા છે, ઝગમગતા છે; પરંતુ મારી ઝૂંપડીમાં માત્ર એક પણ શુદ્ધ ઘીનો દીપક પ્રગટી રહ્યો છે, તો આપ મારે ત્યાં નહિ આવી શકો?'

'જરૂર આવું.' લક્ષ્મીએ પ્રેમપૂર્વક કહ્યું.

'આપ આગળ જાઓ.' તારામતીએ ઘણી જ નમ્રતાથી કહ્યું. 'હું પાણી ભરીને પાછળ–પાછળ આવું છું, પણ મારા આવ્યા પહેલાં ન જતાં.'

'નહિ જાઉં.' આ પ્રમાણે કહી તારામતીના ગૃહ તરફ લક્ષ્મીએ પ્રયાણ કર્યું.

અહીં તારામતીએ વિચાર કર્યો કે–જો હું ઘરે પાછી ન જઉં, તો વચનથી બંધાયેલી લક્ષ્મી મારા પતિના ઘરને કદી નહિ છોડી શકે. **અને સ્વપાતના ગૃહમાં લક્ષ્મીનું અચળ સ્થાન બનાવવા માટે ગંગાના અગાધ જળમાં પડી પાણીના વિશાળ પ્રવાહમાં ડૂબી ગઇ.**

વર્ષો સુધી લક્ષ્મી તારામતીની રાહ જોતી હીરાલાલના ગૃહે રહી.

લલિતાનો—મોતીલાલનો પુત્ર **જગતશેઠ** બન્યો. તેમણે તારામતીની સ્મૃતિ રાખી અને જ્યાંસુધી તારામતીની સ્મૃતિ રહી ત્યાંસુધી લક્ષ્મી ત્યાં જ રહી.

આ સ્મૃતિ પ્લાસીના યુદ્ધ વખતે દૂર સુદૂર જતી રહી. લક્ષ્મીએ પણ પછી તે ઘરને ત્યજી દીધું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ—કૌશલ્ય.

(૬૭)

**Patience ધીરજ અને દ્રવ્યાનુયોગરૂચિ.**

જેને ધીરજ કબજામાં નથી તેને તત્ત્વજ્ઞાન પણ હોતું નથી. આ ભારે અદ્ભુત વાત છે અને અનુભવથી જ સમજાય તેવી છે. ત્યારે પ્રથમ તો આપણે તત્ત્વજ્ઞાન શું ચીજ છે તેનો વિચાર કરીએ અને પછી તેને અને ધીરજનો શો સંબંધ છે તે વિચારીએ. તત્ત્વજ્ઞાનમાં એટલે સદ્બુદ્ધિમાં ઘણા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે. આત્મા સંબંધી અને આત્માના પદાર્થ સાથેની વિચારણા જે શાસ્ત્ર કરે તેને તત્ત્વજ્ઞાનનું મહાશાસ્ત્ર કહેવામાં આવે છે. અંગ્રેજીમાં એને ફીલોસોફી (Philosophy) ફીલસુફી કહેવામાં આવે છે. તેનું મૂળ વિચારીએ તો આપણને જણાય છે કે philas: loving & sophia: wisdom એટલે ફીલોસોફીને અને બુદ્ધિને ઘણો નજીકનો સંબંધ છે. એટલે બુદ્ધિશાળી માણસની બુદ્ધિ જ્યાં પહોંચે ત્યાં ફીલોસોફી સુરાજ્ય કરે છે. એમાં અત્યારના વિજ્ઞાન(science)નો પણ સમાવેશ થાય અને ચેતનજી અને પુદ્ગળને સંબંધ કયારે? કેમ અને શા માટે થયો? અને તેનું પરિણામ શું થયું યોગ્ય લાગે છે? તે સર્વ વાર્તાનો અને ખાસ કરીને તેનો સમાવેશ તત્ત્વજ્ઞાનમાં થઇ જાય. એ રીતે જોતાં ફીલસોફીમાં તો સર્વ પ્રકારની વિચારણાનો સમાવેશ થાય અને આત્માનું અંતિમ ધ્યેય તો નિર્વાણ અને કૈવલ્ય (સંપૂર્ણ) જ્ઞાન જ તેની પ્રાપ્તિ થાય. એટલે ફીલોસોફી બુદ્ધિનો વિષય બની ગમે તે પ્રદેશમાં માથું મારી શકે. એ પ્રમાણે જોતાં શાસ્ત્રિય સર્વ વિષયોનો સમાવેશ આ ફીલસુફીમાં જરૂર આવી જાય છે એમ સિદ્ધ થયું.

એને ધીરજ સાથે શો સંબંધ છે? એવો સવાલ ઊઠે તો બહુ વિચારણા થાય. અને તેવા દ્રવ્યાનુયોગના કઠણ વિષયનો ધીરજ સાથે સંબંધ શો છે? તે જણાઇ આવે. સાદી નામનો મુસ્લીમ વિચારક કહે છે કે જેને ધીરજ નથી તેને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આ બતાવે છે કે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ધીરજ માગે છે. એમાં ઉતાવળ ચાલે નહિ, ગોટા વાળવા બોજે નહિ, પણ સામ્યવૃત્તિ રાખી ધીરજ રાખવી પડે. એમાં જ્યારે ઉતાવળ થાય ત્યારે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ, ગોટા વાળવા હોય તેનામાં ધીરજ ન હોય અને ધીરજ વગર વસ્તુ કે આત્માને ઓળખાય નહિ. એટલા માટે તત્ત્વરૂચિ ને ધીરજને સંબંધ શો છે તે સમજવામાં આવ્યું હશે. જેનું વર્ચસ્વ ધાર્મિક હોય તેણે ધીરજ રાખવી ઘટે. તેને ઉતાવળ કોઇ પણ કાર્યમાં બોજે નહિ અને એમ હશે કે તેમ હશે તેવી શંકાને પણ તેમાં સ્થાન નથી એટલે કોઇપણ પ્રકારના ગોટાળાને અને ઉતાવળને તત્ત્વજ્ઞાનપ્રાપ્તિ સાથે બને નહિ. જેટલા માટે જે ધર્મરૂચિ જીવડો હોય તેણે જો તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તો પ્રથમ કેળવણી તેણે ધીરજની લેવી જોઇએ અને આપણે જેને સામાયિક કહીએ છીએ તેમાં રાખવા યોગ્ય સમભાવ કેળવવો જોઇએ. એમાં કોઇ જાતના ગોટા વાળવા પરવડે તેમ નથી. ધર્મીષ્ટ માણસે તો આત્મા અને પદાર્થને, પુરૂષ અને પ્રકૃતિને, આત્મા અને પુદ્ગળને ઓળખવા જ જોઇએ. અને પાયામાં ધીરજને સારી રીતે કેળવવી જોઇએ એ વાતનો સાર છે. **મૌક્તિક.**

---

Whosoever has not patience, neither doth he possess philosophy.

**Sadi.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચારૂશીલા રમણી રત્નો

## (૨)

( ગતાંક ૧૦ પૃષ્ઠ ૨૨૨ થી શરૂ )

**મહત્વનો વાર્તાલાપ—**

શ્રમણપુંગવ ઋષભદેવ કયા ભાગમાં વિચરે છે એની તપાસ કરાવી કે નહિ? પેલા દિવસે મેં ખાસ ભાર મૂકીને જણાવેલી એ વાત રાજકાજમાં ભૂલી ગયા તો નથી ને?

ના, ના, ત્હારી આ મહત્ત્વની વાત ભૂલાય ખરી કે? પણ તું એ સારુ આટલી તીવ્ર ઉત્કંઠા શા સારુ ધરે છે? એ વાતમાં તો આપણુ સૌને સરખા લાભ છે.

મેં દાદીમાને સૌપ્રથમ એ કાર્ય માટે ખાતરી આપી છે. બાકી નરજાતિના ભરોસા એ જાણે સમજયા, અને સરખો લાભ એ જો અંતરમાં વસ્યો હતે તો, દાદીમા શા સારુ આંસુ સારતા હોત! પુરુષ જાતિના હૈયા કઠોર તો ખરાં જ. એને '**मृदुनि कुसुमादपि**' જેવું વિશેષણ કદાપિ લાગુ પડી શકે જ નહીં.

વાહ, વાહ, આજે તો સુંદરી તું પૂર રંગમાં દોડી રહી છે. વકતૃત્વ શક્તિમાં બ્રાહ્મીને પણ ટપી જાય તેવો આજે ત્હારો દિદાર છે. રોજ થોડો સમય લઇ, આવો આનંદ કરાવતી રહે તો રાજકીય ચિંતાના ભાર હેઠળ દબાચેલા હૃદયને કંઈક સંતોષ મળે. અરે! તાજગી પણ પ્રાપ્ત થાય. ગૃહસ્થ જીવનમાં સાચે જ પુરુષ, ગમે તેવો પ્રબળ અને સાહસિક હોય, છતાં સહચરી વિના અધૂરો છે. અને અલ્પ પણ છે જ.

નીતિકારના વચનો 'અર્ધાંગી' અને 'ગૃહિણી' ખરેખર અતિશય ભાવવાહી છે એવું આજે મને સ્પષ્ટ દીસે છે.

વડીલ ભાઇ! આ તો ગાડી ચીલાની બહાર જઈ રહી છે. મને જવાબ આપો કે વાત કયાં સુધી આગળ વધી છે. પ્રયાણ ભેરી કયારે બજવાની છે?

સુંદરી! કળાની દેવી! તું 'ભાઇ' તરીકેનું સંબોધન ન કરે તો ન ચાલે? યુગલિક જીવનમાં 'ભાઈ બ્હેન' જેવું શું છે?

અયોધ્યાપતિ ભરતરાજ બોલે છે કે બીજું કોઇ! જેના દાદાએ પોતાના હસ્તે યુગલિક પ્રથા પર લીંટી દોરી, અને પિતા એવા શ્રી ઋષભદેવથી નવો ચીલો શરૂ કર્યો, અરે! માત્ર એ એક જ વાતમાં નહીં પણ સંસારના સર્વ વ્યવહારમાં નવી કેડીઓ દાખવી સૃષ્ટિના નવેસરથી મંડાણ કર્યા. એ પ્રતાપી પિતાનો પુત્ર હજુ યુગલિક જીવનમાં વિચરે છે શું? એ તો ખરેખર દિવા સ્વપ્ન કહેવાય. જ્યાં નવા રાહની રેખા દોરાઈ ચૂકી ત્યાં એ મહાભાગના વંશજે તો :એને વિસ્તારવાની રહી. 'ભાઇ બ્હેન' રૂપી સગપણને નવ સિંચન કરી એને વૃક્ષરૂપે પરિણમાવવું એમાં જ પુરુષાર્થ. યુગલરૂપે જન્મેલા જોડલાં જ પાકી વયે દંપતીજીવનમાં પગલા માંડે એ પ્રથા પર જ્યાં કુદરતે અવકૃપા કરી ત્યાં હરતાળ ઘસવી એ જ આવશ્યક ધર્મ.

સુંદરી, તું આજે કોઇ નવો જ પાઠ શિખવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી છો! હા, ચોસઠ કળાનું આદ્યપાત્ર એટલે એ શક્તિ તો સંભવે જ, છતાં મને એ તો જણાવ કે પુરુષ અને સ્ત્રીનો યોગ તો જરૂરી ગણાય જ ને? એ સંબંધ તો ચાલુ રહેવાનો ને? એ વિના સૃષ્ટિ ચાલશે ખરી?

વડિલ ભ્રાતા! એ તો દીવા જેવું સ્પષ્ટ છે. ગૃહસ્થાશ્રમનો નિષેધ મારા વિવેચનમાં પણ નથી જ. સંબંધ બંધાશે પણ એક કુટુંબના જોડલાથી નહીં. એક માતા પિતાના સંતાનો ભાઇ બ્હેનરૂપે જ લેખાશે. આગળ વધી કહું તો માતાઓ જુદી હશે છતાં પિતા એક હશે તો તેને પણ ઉપરનો નિયમ લાગુ પડશે. 'ભાઇ બ્હેન'નું સગપણ હવેના યુગમાં અનોખી પ્રતિભા પ્રગટાવશે.

સુંદરી! જ્યારે નર-નારીનો યોગ થવાનો જ છે, તો પછી એમાં સરખે સરખી જોડી જામે એ માટે શા સારુ આડો હાથ ધરાય? જ્યાં પરસ્પરનો પ્રેમ સહજ વહેતો હોય ત્યાં 'ભાઇ-બ્હેન'ના સંબંધરૂપી ખડકને આગળ આણવાનું શું પ્રયોજન? અસ્ત થતી પ્રનાળી ઓછી જ કંઇ એકદમ ભૂસાઈ જાય છે! એને પણ સમયના વાયરાની અગત્ય લેખાય. બીજને જળસિંચન થતું રહે એ સામે મારો વાંધો નથી પણ એના મંગળાચરણ કંઇ આપણાથી જ થાય એવું શા માટે? વળી થોડું પરિવર્તન તો હું પણ સ્વીકારું છું જ. હું ત્હારો ભાઇ ખરો, પણ માજણ્યો ભાઈ તો બાહુબલિ જ ને!

સ્પષ્ટ વાત તો એ છે કે યૌવન બાગ ખીલ્યો નથી ત્યાંલગી જરૂર આપણા વચ્ચે 'ભાઈ-બ્હેન' નો વહેવાર પ્રવર્તે. પછી તો 'બ્રાહ્મી અને બાહુબલિ' તેમ 'ભરત અને સુંદરી'ની જોડીઓ જગતને કંઇ નવો જ ઓપ આપશે. એક રાજવી તરીકે એ નિયમ હું અપનાવીશ.

વડિલ, આપની આગળ મારે વધુ કહેવું વ્યાજબી નથી, પણ આપના એ સ્વપ્ના ફળનાર નથી. તાળી ઉભય હાથે જ પડે છે. એકલો હાથ તાળી માટે નકામો છે. અમો બ્હેનોને જ્યાં લગ્ન કરવા જ નથી, અરે સંસારમાં પડવું જ નથી ત્યાં નિયમ અપનાવવાપણું કયાંથી રહેવાનું?

સુંદરી, એ તો તમારો હસવા જેવો અખતરો! નારીજાત કુંવારી રહી જાણી નથી. વ્યવહારનું ઉલ્લંઘન શકય નથી જ.

મોટાભાઇ, આજે એ વાત જવા દો. વંદન કરવા કયારે નીકળવું છે તે મને જણાવો કે જેથી દાદીમાને દીધેલ વચન હું પૂરું કરું.

અરે, હું પણ કેવો ભૂલકણો કે ત્હને જોતાં જ ઘડીપૂર્વે કહી ગયેલ અનુચરની વાત સાવ વીસરી ગયો! એ મહત્ત્વના પ્રશ્નનો ઉકેલ તો સત્વર કરવાની જરૂર છે.

કળાની દેવી, ત્હારી અભિલાષા આજે જ પૂરણ થાય એવો યોગ સાંપડ્યો છે. આપણ સર્વને પ્રવાસ ખેડવાની જરૂર જ નથી રહી. પિતા એવા ઋષભદેવ ગઇ કાલની સંધ્યાએ આપણા પુરિમતાલ પરામાં પધાર્યા, અને હમણા મને સમાચાર મળ્યા કે તેઓશ્રીને કેવલજ્ઞાન ઉપજ્યું છે.

તો, તો, બહુસારું. ઉતાવળ કરો. આવો અનુપમ અવસર પુન્યોદય વિના ન જ લાભે. દાદીમા તો હરખઘેલા થઈ જશે.

પણ, એક બીજો બનાવ પણ હમણાં જ બન્યો છે! એની પણ રાજવી તરીકે મારે વિચારણા કરવી રહી. આયુધશાળામાં 'ચક્રરત્ન'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દૈવી ન્યાયમાં વિશ્વાસ.

**અનુ–અભ્યાસી.**

ભગવાન જે કાંઇ કરે છે તે ભલા માટે જ કરે છે. આ ધ્રુવ સત્ય જો માણસ સમજી લે તો તે દુઃખ, ચિંતા, અશાંતિ, કલહ અને આધિવ્યાધિથી મુક્ત રહે છે.

જ્યાં ઇશ્વર છે ત્યાં અન્યાય નથી અને જ્યાં પક્ષપાત-અન્યાય છે ત્યાં ઇશ્વર નથી. વસ્તુતઃ ઇશ્વર તો સદા સર્વત્ર છે, પરંતુ અન્યાય કરનારને ઇશ્વરનો અનુભવ નથી થતો એટલે જ તે અન્યાયમાં પ્રવૃત્ત થાય છે. ઇશ્વરને ન માનનાર કોઇ માણસ જે પ્રકૃતિમાં માનતો હોય છે તે પ્રકૃતિમાં પણ અન્યાય નથી. કેમકે પ્રકૃતિમાં પણ સઘળાં કાર્યો નિયમિત તથા સુચારુરૂપે થાય છે. સુવ્યવસ્થિત તથા ન્યાયપ્રિય રાષ્ટ્રના કાર્યોમાં ભૂલ હોઇ શકે છે, પરંતુ પ્રકૃતિનાં કાર્યોમાં ભૂલ માટે અણુમાત્ર પણ સ્થાન નથી. મનુષ્ય વખતોવખત અજ્ઞાનવશ થઇને બુરાઇને ભલાઇ અને ભલાઇને બુરાઇ સમજીને દુઃખસુખનો અનુભવ કરે છે. જેવી રીતે કોઇ માણસ જ્વરથી પીડાતો હોય ત્યારે અંદરનો દોષ બહાર કાઢવાથી શરીરની શુદ્ધિ થાય છે અને તેને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે તેવી રીતે આધ્યાત્મિક દૃષ્ટિથી દુઃખભોગ આપણા આભ્યન્તરિક દોષોને નષ્ટ કરીને પૂર્વજન્મનાં પાપોને કાપી નાખીને આપણને શુદ્ધ કરે છે.

---

ની ઉત્પત્તિ થઇ છે. એ રત્ન દેવતાધિષ્ઠિત હોય છે. એની પૂજનવિધિ કરવી પડે છે. મનમાં એ જ પ્રશ્ન ખડો થયો છે કે પ્રથમ કયાં જવું ?

ભરતરાજ ! સુંદરી હસતાં હસતાં બોલી, આપ કયા કારણે આ જાતની વિમાસણમાં પડ્યા છો ? ચક્રની પ્રાપ્તિ અને રાજ્ય જીતવાના લોભે આપની પ્રજ્ઞા પર આ તે કેવો અંધારપટ પાથરી દીધો છે ભલા !

કળાની દેવી, આ મશ્કરીનો સમય નથી. સેનાપતિનો ખાસ આગ્રહ છે કે સત્વર આવો. મારી મૂંઝવણ એથી વધી છે.

ભ્રાતા ! એમાં મૂંઝવણ શા સારુ ? એનો (સેનાપતિનો)એ વિષય રહ્યો. બાકી ભગવંત કંઇ તેડું કરવાના નથી. છતાં આપ કેમ વિચારતાં નથી કે એક લૌકિક ફરજ છે અને બીજી તો લોકોત્તર છે. ચક્રની પૂજા આ ભવ પૂરતી જ લાભકારી છે જ્યારે કૈવલ્ય મહોત્સવ તો ભવોભવના કષ્ટો દૂર કરનારો છે. પૌદ્ગલિક સુખોના અભિલાષી માટે એ જરૂર ગુંચ ગણાય અને ઉકેલમાં વિમાસણ થાય. પણ આત્મશ્રેયના ઇચ્છુક માટે, અરે પ્રથમ તીર્થંપતિના વડિલ સંતાન સારુ એ અંગે વિમાસણ કેવી ! એમાં અન્યની સલાહની જરૂર હોય જ નહીં.

સુંદરી, જલ્દી તમો સર્વ તૈયારી કરો. ત્હારા વચને મારા અંતર ચક્ષુ ખોલી દીધા છે.

'રીઝવવો એક સાંઇ' એ જ મારો પ્રથમ ધર્મ, લોકોતર માર્ગનું અનુસરણ એ જ કર્ત્તવ્ય. લૌકિક તો એ પાછળ દોડયું આવશે. કદાચ લૌકિકમાં ઊણપ રહેશે તો ઓછો જ ભવ હારી જવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જન્મદિવસ ઊજવીએ છીએ. વિચારદષ્ટિએ જોઇએ તો તે દિવસે તો આપણાં આયુષ્યનું એક વર્ષ ઓછું થયું છે, છતાં પણ આપણે આનંદ પામીએ છીએ. જો એ વર્ષ પ્રાણીમાત્રની સેવામાં વ્યતીત થયું હોય તો અમુક અંશે આનંદ પામવાનું કારણ પણ છે. જ્યાં અસ્ત થયેલા સૂર્યનો ઉદય થાય છે, ચંદ્રકલા ક્ષીણ થયા પછી વૃદ્ધિ પામે છે, જન્મ મૃત્યુ માટે જ છે તથા યૌવન ઘડપણ માટે છે અને સ્વાસ્થ્યમાં વ્યાધિ નિહિત છે એવી અનિત્યતામાં જેનું વર્ષ ધર્મપાલનમાં વ્યતીત નથી થયું હોતું તેને માટે જન્મોત્સવના પ્રસંગે હર્ષ માનવો એ તો પાગલોનો પ્રલાપમાત્ર છે. કોઈ સંબંધીનું મૃત્યુ થાય છે તો આપણે પોક મૂકીને રોઈએ છીએ. ગંભીરતાથી વિચારીએ તો આપણને એ સત્ય સમજાશે કે જેનું મૃત્યુ થયું છે તેનું તેમજ તેના સ્વજનોનું એમાં જ હિત રહેલું છે. સૃષ્ટિનું પ્રત્યેક કાર્ય નિયમિત ઉદ્દેશથી જ થાય છે અને ઉદ્દેશની પૂર્તિ થતાં જ કાર્યની સાર્થકતા પૂરી થઇ જાય છે.

લશ્કરમાં જેટલું મહત્વ એક સેનાપતિનું છે તેટલું જ પોતપોતાના સ્થાન પર દરેક સૈનિકનું પણ છે. જેવી રીતે એક એક કણથી પથ્થર બને છે અને પથ્થરોના સમૂહથી મહાન પર્વત બને છે, પાણીનાં ટીપાંથી વિશાલ સમુદ્ર બને છે. ટીપાં ન હોય તો સમુદ્રનું અસ્તિત્વ જ ન હોય. એવી રીતે સંસારરૂપી મહાન નાટયશાળામાં નાના મોટા સૌ પાત્રોની સમાન આવશ્યકતા છે. નાનામાં નાના પાત્રનું અભિનય સારું ન હોય તો આખા નાટકનું સ્વરૂપ બગડી જાય છે. એ રીતે પોતપોતાના સ્થાન પર સૌનું સરખું જ મહત્વ છે. પ્રત્યેક માણસ કોઇ ખાસ ઉદ્દેશ લઇને આવે છે અને કાર્ય સમાપ્ત થતાં જ ચાલ્યો જાય છે. આ ભારતદેશરૂપી નાટકશાળામાં જેટલી પૂ. ગાંધીજીરૂપી સૂત્રધારની આવશ્યકતા હતી તેટલી જ કોંગ્રેસના એક અદના સ્વયંસેવકરૂપી પાત્રની હતી. બેમાંથી એકનું પણ અભિનય સુંદર ન હોય તો નાટક નિરર્થક જાય છે.

હવે પ્રશ્ન એ થાય છે કે ત્યારે શું અમારે આળસુ બનીને બધી વાતો પ્રકૃતિ પર છોડી દેવી ? નહિ. નિયંતાએ જે કાર્ય માટે આપણું નિર્માણ કર્યું છે તે કાર્ય નિષ્કામ ભાવે તત્પરતાપૂર્વક કરતાં રહેવું અને અસફલ હોવા છતાં પણ વારંવાર સ્વાર્થ રહિત થઇને પ્રયત્ન કરતા રહેવું જોઇએ અને છેવટે જે કાંઇ થાય તેનાથી પ્રસન્નતાપૂર્વક સંતોષ માનીને પ્રકૃતિના નિયમો પ્રમાણે ચાલવું જ જોઇએ. એમ કરીએ તો જ કહી શકાય કે આપણે, ઇશ્વર જે કાંઇ કરે છે તે ભલા માટે જ કરે છે એમ સાચોસાચ માનીએ છીએ.

અહિં એવી શંકા કરી શકાય કે " પ્રકૃતિ જે કાંઈ કરે છે તે ભલા માટે જ હોય છે તો યુદ્ધમાં કરોડો લોકોની હત્યા થઈ, અસંખ્ય સ્ત્રી બાળકો મરણ પામ્યા અથવા આશ્રયવગરના બન્યા; શું એમાં પણ ભલાઇ હતી ? " સાચું કહીએ તો એમ જ કહેવું પડે કે–ચોક્કસ એમાં પણ ભલાઈ ન હતી. આપણે મદાંધ બની ગયા હતા, આપણો ધર્મ, નીતિ તથા સત્યને તિલાંજલી આપી દીધી હતી, જીવનમાં કેવલ સ્વાર્થપૂર્તિ અથવા વિષયસુખ–ભોગ જ આપણો સિદ્ધાંત બની ગયો હતો અને નિર્દોષને સતાવવા, કર્તવ્યને ભૂલી જવું, નિર્બલને દબાવવા, થોડા લાભ ખાતર બીજાને મોટું નુકસાન કરવું એ આપણો સ્વભાવ બની ગયો હતો. મતલબ એ છે કે નીચ સ્વાર્થી જ આપણાં જીવનનું ધ્યેય બની ગયેલ હતું. આવી પતિત સ્થિતિમાંથી આપણે ઊઠીએ, સ્વાર્થની મોહનિદ્રાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ કરીએ, આંખો ઉઘાડીને ચેતના મેળવીએ અને આપણે જોઇ શકીએ કે વસ્તુતઃ આપણું જીવન કેટલું પાપમય બની ગયું છે એ હેતુથી આ સંઘર્ષ અને નાશ થયા. આ સંસારમાં જે લોકો આસક્તિ, કામના, સ્વાર્થ અથવા દ્વેષ હિંસાના નિમિત્ત બન્યા છે તે સૌ પાપના ભાગીદાર બન્યા છે. સંભવ છે કે આથી પણ વધારે નરસંહાર થાય અને જો પ્રકૃતિને ઉચિત લાગશે તો નિષ્પક્ષ રૂપે પોતાના ચક્રને ખૂબ જોરથી ચલાવીને અનિયમિતતાને નિયમિત બનાવે. દરેક કાર્યનું કાંઇ કારણ તો હોય છે જ. કારણ પહેલું બને છે અને પછી કાર્ય બને છે, તેથી આજકાલ આપણને જે સુખદુઃખ ભોગવવાનું પ્રાપ્ત થયેલ છે તેનું કારણ પહેલાં જ બની ચૂકેલ છે અને તે કારણ છે આપણાં પૂર્વ જન્મના શુભાશુભ કર્મ, પરંતુ એનો એવો અર્થ નથી કે દુઃખ આપનારે એમ માની લેવું કે એનાં પૂર્વકર્મ દુઃખ ઉત્પન્ન થવાનું કારણ છે અને તેથી હું નિર્દોષ છું. સાથોસાથ એ પણ જરૂરનું છે કે દુઃખી, પીડિત અને અસહાય પ્રત્યે સૌની સહાનુભૂતિ હોવી જોઇએ અને તેઓને સુખી કરવાની નીતિ હોવી જોઇએ. એ જ ખરો માનવ ધર્મ છે. "તેને તેના પાપનું ફળ મળી રહ્યું છે, આપણે શું કામ ચિંતા કરવી ?" એમ માનનાર તો નિર્દય અને પાપી જ ગણાય છે. જેવા વર્તનની આપણે બીજા પાસેથી અપેક્ષા રાખતા હોઇએ એવો વર્તાવ આપણે બીજા સાથે રાખવો જોઈએ.

હજુ પણ આપણી આંખ ઊઘડી નથી, આપણે સ્વાર્થાંધ બનીને ધર્મના નામે જ ધર્મ પર આઘાત કરીને નિર્દોષ સ્ત્રી પુરુષ તથા બચ્ચાંઓને સતાવીએ છીએ. આજનો ધર્મ એક આડંબર માત્ર રહ્યો છે; પરંતુ એટલું ચોક્કસ છે કે જ્યાંસુધી આપણે સાચો ધર્મ અને ઇશ્વરને નહિ સમજીએ અને તેને આચરણમાં નહિ ઉતારીએ ત્યાંસુધી સત્ય સુખ અને શાશ્વત શાંતિ કદીપણ નહિ મળી શકે. તેથી આપણે ધર્મને જીવનનું મુખ્ય ધ્યેય બનાવવું જ પડશે અને એમ માનવું જ પડશે કે ઈશ્વર જે કાંઇ કરે છે તે ભલા માટે કરે છે. ધર્મનું નામ ગમે તે હોય, પણ ધર્મના વાસ્તવિક તથ્યને જીવનનું ધ્યેય માનવું જ પડશે. જ્યાં સુધી જીવનનું લક્ષ્ય ધર્મ નહિ બને ત્યાં સુધી કોઇ સત્ય બોલવા ઇચ્છશે નહિ, કોઈ પરોપકાર કરશે નહિ, કોઇ ઈશ્વરના અસ્તિત્વમાં વિશ્વાસ રાખશે નહિ અને કોઈને પરમ શાંતિ મળશે નહિ. પરમ શાંતિ તો એક વિશ્વરાજ્ય સ્થાપિત થવાથી જ સંભવિત છે, નહિ તો માનવ–સમાજ બળતોજળતો જ રહે છે.

વૈદિક ધર્મ અનુસાર પણ જો પાપની વૃદ્ધિ થાય છે તો તેનો અંત લાવવા માટે યુદ્ધ આવશ્યક બને છે. પૃથ્વીરૂપી વૃક્ષ ઉપર જ્યારે જીવરૂપી ફૂલ પાંદડાં વધી જાય છે ત્યારે પ્રકૃતિને તેની કલમ કરવાની જરૂર પડે છે અને પછી ફરીથી તે પૃથ્વીરૂપી વૃક્ષ નવા ફૂલ પાંદડાં ઉત્પન્ન કરીને સંતોષરૂપી વસંત લાવીને સાત્વિક વાતાવરણરૂપી સુંગધ ફેલાવીને એક વિશ્વરાજ્યની સ્થાપના કરી શકશે જેનાથી સુખરૂપી વૃક્ષ ઉત્પન્ન થશે અને સૌને પૂરેપૂરાં ભોજન તથા વસ્ત્ર મળશે અને સર્વત્ર હમેશની શાંતિ સ્થપાશે.

જે ક્ષણે આપણે આ તથ્ય સમજી જશું કે તરત જ આપણી ગમે તે પરિસ્થિતિ હશે તો પણ આપણને શાંતિ પ્રાપ્ત થશે જ. જ્યારે આપણા મનમાં સંતોષ થશે તેમજ દૈવી ન્યાયમાં વિશ્વાસ થશે ત્યારે આપણને સુખનો અનુભવ થશે. આપણી પાસે કરોડોની સંપત્તિ હશે, આપણે સમ્રાટ્ હોઇએ કે કોઇ દેશના પ્રેસીડન્ટ કે સર્વસત્તાધારી પ્રધાન હોઇએ અથવા ભગવાં વસ્ત્રધારી સંન્યાસી હોઈએ એવી ગમે તે દશામાં હશું તો પણ આપણે સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**સાદરી**—પંજાબકેસરી આચાર્ય ભગવાન શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ મુનિમંડલ સહિત અમારા શ્રી સંઘની અત્યંત આગ્રહભરી વિનંતી સ્વીકારીને અમારા શહેરમાં **ચૌમાસુ** બિરાજ્યા છે. શ્રી સંઘની ભગવતી **સૂત્ર સાંભળવાની** ઉત્કટ ભાવના હોવાથી જેઠ વદ ૬ ના દીવસે સમારોહપૂર્વક વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.

રથમાં શ્રી ભગવતીસૂત્ર લઇને બેસવાની બોલી શેઠ ચંદનમલજી કસ્તુરચંદજીએ ૧૦૫ મણ વીગેરેથી લીધી હતી. રાત્રે રાત્રીજાગરણ શેઠજીને ત્યાં થયું હતું.

સાતમના સવારે વાજતેગાજતે શ્રી ભગવતીસૂત્ર ઉપાશ્રયમાં ધર્માત્મા શ્રાવિકા જડાવ બહેને ૪૧ મણ ઘીની બોલીથી આચાર્યશ્રીજીને વહોરાવ્યું હતું. જ્ઞાનપૂજા ભણાવી આ૦ શ્રીજીએ મધુર હિન્દી ભાષામાં સંભળાવવાનું શરૂ કર્યું હતું. ત્રણશે સાથીઆ થતા હતા.

આ વર્ષે યાત્રાળુઓ પણ દર વર્ષ કરતાં ઘણી વધુ સંખ્યામાં આવ્યા હતા કેમકે જંગમ અને સ્થાવર તીર્થનો લાભ મળે છે.

શ્રી ભગવતીસૂત્ર આચાર્યશ્રીજી પોતે ફરમાવે છે અને ભાવનાધિકારમાં આ૦ શ્રી વિજયલલિતસૂરિજી મ૦ નલ દમયંતી ચરિત્ર ફરમાવે છે.

## ચાતુર્માસ નિર્ણય.

| | | | |
|---|---|---|---|
| સાદડી. | આ૦ ભ૦ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ | | |
| | | આ૦ મ૦શ્રીમદ્વિજયલલિતસૂરિજી | ,, |
| | | પંન્યાસજીશ્રી સમુદ્રવિજયજી | ,, |
| | ,, | શ્રી પૂર્ણાનંદવિજયજી | ,, |
| | | મુનિરાજશ્રી શિવવિજયજી | ,, |
| | ,, | શ્રી વિશુદ્ધવિજયજી | ,, |
| | ,, | શ્રી ઇન્દ્રવિજયજી | ,, |
| | ,, | શ્રી જનકવિજયજી | ,, |
| | ,, | શ્રી પ્રકાશવિજયજી | ,, |
| | ,, | શ્રી બલવંતવિજયજી | ,, |
| | ,, | શ્રી જયવિજયજી | ,, |
| વિજાપુર | આ૦ મ૦ | શ્રીમદ્વિજયવિદ્યાસૂરિજી | ,, |
| | | મુનિરાજશ્રી વિચારવિજયજી | ,, |
| | ,, | શ્રી વિશારદવિજયજી | ,, |
| | ,, | શ્રી વસંતવિજયજી | ,, |
| ખુડાલા | ,, | વયોવૃદ્ધ શ્રી કર્પૂરવિજયજી | ,, |
| | ,, | શ્રી રામવિજયજી | ,, |
| સેવાડી | ,, | વયોવૃદ્ધ શ્રી વિબુધવિજયજી | ,, |

અને શાંતિનો અનુભવ નહિ કરી શકીએ. શાંતિ તેમજ સુખનો આધાર સંતોષ ઉપર છે, નહિ કે પરિસ્થિતિ ઉપર. જેને દૈવી ન્યાયમાં વિશ્વાસ છે તે હમેશાં સુખી જ રહે છે. જેને વિશ્વાસ નથી હોતો તે મોટા પ્રાસાદોમાં રહેવા છતાં પણ સવ પ્રકારના દુઃખ ભોગવે છે. સમસ્ત પરિસ્થિતિને આપણે અનુકૂળ કદિ પણ નથી બનાવી શકતા, પરંતુ જેવી પરિસ્થિતિ અનુસાર આપણી જાતને બનાવીને એમાં સંતોષ માનીને સુખી થવું એ આપણે આધીન છે. હમેશાં નિઃસ્વાર્થભાવથી આલસ્યને તજીને પ્રયત્ન કરતાં રહેવું એ જ પ્રકૃતિના નિયમ પ્રમાણેનું આચરણ ગણાય છે. નહિ કે અકર્મણ્ય અથવા નિષ્ક્રિય રહીને એમ કહેવું કે ઇશ્વર જે કાંઇ કરે છે તે ભલા માટે જ કરે છે.

ઇશ્વરમાં શ્રદ્ધા રાખવાથી જ જીવનના જટિલમાં જટિલ પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે. તે દ્વારા સામ્રાજ્ય-પિપાસા તેમજ પારસ્પરિક શોષણનો અંત આવશે અને એક વિશ્વરાજ્યદ્વારા તૃષ્ણાથી બળતો પ્રાણી સંતોષરૂપી અમૃત અને પ્રેમરૂપી ભોજન મેળવીને આનંદ પ્રાપ્ત કરી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંજાબી સાધ્વીજી શ્રી હેમશ્રીજી આદિ ઠાણા નવનું ચોમાસુ અત્રે ( સાદરીમાં ) છે. તેમજ તપાગચ્છીય, ખરતરગચ્છીય સાધ્વીજી મહારાજ સારી સંખ્યામાં છે.

**તા. ક.** મુનિરાજશ્રી ઇન્દ્રવિજયજી મ૦ ૧૧ ઉપવાસ અને મુનિરાજશ્રી પ્રકાશવિજયજીએ ૯ (નવ) ઉપવાસના પચ્ચખાણ અષાડ સુદ ૫ થી લીધા હતા તે ગુરુદેવની આશીષથી બન્નેને આનંદપૂર્વક થયા અને પારણું સુખશાંતિથી થયું છે.

---

## બાલધૂન.

પ્યારૂં પારસ નાથનું નામ,
પારસને નિત કરો પ્રણામ. ૧
મહાવીરકા ( હય ) મીઠા નામ,
મહાવીરકો ( મેં ) કરૂં પ્રણામ. ૨
પ્યારા પારસ પ્રભુકા નામ,
પારસકો નિત કરૂં પ્રણામ. ૩
જિનવર જિનશાસન શણુગાર,
જિનવરકા હો જય જય કાર. ૪
અશરણ શરણ પ્રભુ અરિહંત,
નામ જપે દુઃખ આવે અંત. ૫
પરમ કૃપાળુ શ્રી અરિહંત,
જપતાં જપતાં જય જય વંત, ૬
વીર વીર જો મુખસે રટે,
કોટિ ઉસકા પાતિક કટે. ૭
વીતરાગ હૈ સચ્ચે દેવ,
સદાય કરના ઉસકી સેવ. ૮
મહાવીર હૈ મોટે દેવ, સુરનર કોટી સારે સેવ,
અચ્છાબાબા કહે પુકાર, વીર પ્રભુકી જય જયકાર. ૯

( અચ્છાબાબા. )

---

અત્રે ભાવનગરમાં શ્રી મારવાડીના વંડે બિરાજતા પંન્યાસજી કંચનવિજયજી મહારાજે અત્રેનાં જૈન સંઘમાં અસાડ વદી ૫ શુક્રવાર તા. ૧૫–૭–૪૯ ના રોજ વિશ્વશાંતિ અને વરસાદ આવે તે માટે સામુદાયિક આયંબીલની તપસ્યા કરવા અનુરોધ કર્યો હતો. મ્હોટી સંખ્યામાં આયંબીલ થયા હતા.

---

## શ્રી ગિરનારજી તીર્થનું સમાધાન.

પવિત્ર શ્રી ગિરનારજી તીર્થની સ્વતંત્રતા, માલેકી અને તમામ હકો આપણાં હોવા છતાં તે બાબતનો જુનાગઢ રાજ્ય સાથે ઘણા વખતથી ઝગડો, લડત ચાલતી હતી પરંતુ રાષ્ટ્રીય સરકાર આવતાં જૈનોની અરજી સાંભળીને પ્રથમ શ્રી નેમનાથજી ટુંકની માલેકી અને તમામ હકો સૌરાષ્ટ્ર સરકારના સેક્રેટરી શ્રી. ઇશ્વરન્ અને શેઠ દેવચંદ લક્ષ્મીચંદ અમદાવાદની પેઢી કમીટીના માન્યવર પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઇની વચ્ચે વઢવાણ નિવાસી શેઠ રતિલાલ વર્ધમાન સહિત તા. ૧૯–૭–૪૯ સહી સીક્કા થઇ સંતોષકારક રીતે સમાધાન થયેલ છે અને આપણી તે સંપૂર્ણ માલેકી હકો સ્વતંત્રતા હકો આપણને સુપ્રત થયેલ છે. કુંડોનાં પાણીનો ઉપયોગજનતા કરી શકે અને ઓટા સામેનો બંગલાનો પણ આપણને સ્વતંત્ર માલેકી હક ( રૂા. દશ હજાર ) સૌરાષ્ટ્ર સરકારને આપવાની શરતે સોંપાઇ ગયેલ છે તે માટે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદની પેઢી ઉપર હિંદના તમામ શહેરોના જૈન સંઘોએ ધન્યવાદનો તાર આપવાની જરૂર છે.

આજે અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ વ્યવસ્થિત છે અને પ્રમાણિક રીતે ચાલે છે. તીર્થોની સેવા, રક્ષણ પણ અનુપમ રીતે કરી રહ્યા છે.

શેઠ સાહેબ કસ્તુરભાઇ લાલભાઇ પણ વંશપરંપરાગતથી પેઢીનું માનવંતું પ્રમુખપદ રક્ષણ અને સેવા કરી પૂર્વના અસાધારણ પૂણ્ય, અપૂર્વ બુદ્ધિમત્તા, સંપૂર્ણ લાગવગ અને ઉદારતાવડે અનુપમ રીતે દીપાવી રહ્યા છે. આજે જેમ તીર્થનું રક્ષણ, સંભાળ રાખવી, તેની માલેકી હકો સંભાળવા તેમજ ગયેલા હકો પાછા મેળવવા માટે જે તન, મન, ધનનો ભોગ આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થોનાં સેવા માટે શુભ પ્રયત્ન કરી રહ્યા છે તેથી જૈન સમાજના આભાર અને અભિનંદનને પાત્ર છે. હિંદની સકળ જૈન સમાજના ( તાજ વગરના રાજા ) શિરતાજ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ છે એમ નિઃશંક કહેવું પડે છે.

## શેઠ શકરાભાઇ લલ્લુભાઇનો સ્વર્ગવાસ.

અમદાવાદમાં જૈનોમાં સુપ્રસિદ્ધ ગણાતા સરાફ કાપડની સુવિખ્યાત અને જૂની પ્રખ્યાત પારી લલ્લુભાઇ મનોરદાસની પેઢીનાં માલીક શેઠ શકરાભાઇ લલ્લુભાઇનું અવસાન અમદાવાદમાં તા. ૨૭-૬-૪૯ નાં રોજ ૬૯ વર્ષની ઉમ્મરે થયું છે. તેઓશ્રી અમદાવાદ મ્યુનીસીપાલીટીમાં નવ વરસ સુધી કાઉન્સીલર તરીકે રહ્યા હતા તેમજ રીલીફ પ્રીઝનર્સ અને જાનવરોનાં ઘાતકીપણા સુધારક મંડળનાં સભ્ય હતા; અનેક મીલોનાં ડાયરેકટર અને વ્યાપારમાં નિષ્ણાત હતા. તેઓશ્રી ધર્મશ્રદ્ધાળુ અને ધર્મના ઉપાસક હતા. આ સભાનાં તેઓશ્રી ઘણા વર્ષથી લાઇફમેમ્બર હતા. તેઓનાં અવસાનથી સભાને એક લાયક સભ્યની ખોટ પડી છે. પરમાત્મા તેઓનાં આત્માને પરમ શાંતિ આપે તેવી અમારી પ્રાર્થના છે.

## શાહ છોટાલાલ દલપતભાઇ કરાલાવાલાનો સ્વર્ગવાસ.

શ્રી છોટાલાલભાઇનો જન્મ ડભોઇમાં સં. ૧૯૨૯ નાં આસો સુદી ૭ નાં થયો હતો. તેમની બાલ્યાવસ્થા ડભોઇ પાસે મોટા કરાલા ગામે જ્યાં તેઓના પિતાશ્રી વેપાર અર્થે રહેતા હતા ત્યાં પસાર થઇ હતી. તેમનો વ્યવહારિક તેમજ ધાર્મિક અભ્યાસ સાધારણ હતો. પંદર સોલ વર્ષની વયથી તેઓએ વેપારનું કામ માથે લીધું હતું. તેમની ત્રીશ વર્ષની વયે એટલે લગભગ સંવત ૧૯૫૦ માં ડભોઇ આવી રૂ, કપાસના ધંધામાં સ્વબળે આગળ આવી સારી પ્રતિષ્ઠા મેળવી હતી. તેઓ ધર્મના જિજ્ઞાસુ, સરળ અને માયાળુ સ્વભાવનાં હતા હતાં.

સંવત ૧૯૬૮ના ડભોઇમાં પૂજ્યપાદ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ થયું હતું ત્યારથી તેમનાં ઉપદેશથી તેમની સૂચના અનુસાર શક્તિ મુજબ ધર્મકાર્યમાં દ્રવ્યનો વ્યય કર્યો હતો. આ સભાનાં તેઓશ્રી લાઇફ મેમ્બર હતા. દરેક વર્ષના સભાનાં ભેટ પુસ્તકોથી ઘરમાં સારી લાઇબ્રેરીમાં રાખી તેનું મનનપૂર્વક વાંચન કરતા હતા.

સંવત ૧૯૮૦નાં પૂ. આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજીના ચાતુર્માસમાં તેમનાં ઉપદેશથી વેપાર, વહેવારની ચિંતા ઓછી કરી ધર્મમાં મક્કમ બન્યા અને તે વર્ષમાં ડભોઇમાં ઉપધાનનાં મહાન્ તપનું આરાધન કર્યું હતું. પ્રૌઢાવસ્થાએ પંચપ્રતિક્રમણ, નવસ્મરણસૂત્રો કંઠાગ્રે કર્યા. રોજ સવાર સાંજ પ્રતિક્રમણ, તથા સામાયિક કાયમ કરતા. ધાર્મિક વાંચન પણ સારા પ્રમાણમાં કરતાં. ત્રણ ઉપધાન પૂરા કર્યા હતા.

છેલ્લા લગભગ ૨૦ વર્ષ સુધી તેમણે ધાર્મિક જીવન વીતાવ્યું પણ છેવટ વેદની કર્મનો ઉદય થતાં પણ સંસ્કાર કાયમ રહ્યા. નવકાર મંત્રની આરાધના સહિત ૭૬ વર્ષની વયે ગુજરી ગયા. તેઓની પાછળ ત્રણ પુત્ર, એક પુત્રી અને વીસ માણસનું બહોળું કુટુંબ મૂકી ગયા છે. તેઓએ પોતાની પાછળ સંતાનો માટે લક્ષ્મી સોંપી નથી પણ ધર્મના સંસ્કાર તેમજ આત્માનંદ સભાના વાર્ષિક ભેટનાં પુસ્તકોની વ્યવસ્થિત લાઇબ્રેરી સોંપી ગયા છે.

અંત સુધી ચિત્તશુદ્ધિ અને નમસ્કાર મંત્રના સ્મરણપૂર્વક અશાડ સુદી ૭ ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો છે. આવા એક ધર્મ સંસ્કારી સભ્યની આ સભાને ખોટ પડી છે. તેઓનાં પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૬ મું

અંક ૧ થી ૧૨ : : સને ૧૯૪૮-૪૯

સંવત ૨૦૦૫




: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

( પુસ્તક ૪૬ મું )

( સં. ૨૦૦૪ ના શ્રાવણ માસ થી સં. ૨૦૦૫ ના આષાઢ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સાધારણ જિન સ્તવન | ( મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી ) | ૧ |
| ૨. | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન | ( મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી ) | ૨૧ |
| ૩. | ક્ષમાપના | ( અમરચંદ માવજી શાહ ) | ૨૨ |
| ૪. | શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ સ્તુતિ | ( ઝ૦ છ૦ સુરવાડાવાળા ) | ૪૧ |
| ૫. | નવપદ ઓળીનું સ્તવન | ( મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી ) | ૪૨ |
| ૬. | દિવાળીનું સ્તવન | ( ,, ) | ,, |
| ૭. | શ્રી મહાવીર સ્તવન | ( મુનિરાજ શ્રીહેમેન્દ્રસાગરજી ) | ૬૧ |
| ૮. | શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન | ( ,, શ્રીલક્ષ્મીસાગરજી ) | ૬૨ |
| ૯. | વર્ષાભિનંદન સ્તુતિ | ( ,, શ્રીવિનયવિજયજી ) | ,, |
| ૧૦. | શ્રી પાર્શ્વ જિન સ્તવન | ( આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૮૫ |
| ૧૧. | શ્રી મહાવીર સ્તવન | ( મુનિરાજ શ્રી દેવેન્દ્રસાગરજી ) | ૮૬ |
| ૧૨. | સિદ્ધાગિરિ સ્તવન | ( ,, શ્રીલક્ષ્મીસાગરજી ) | ૮૭ |
| ૧૩. | સીમંધર જિન સ્તવન | ( ,, શ્રીહેમેન્દ્રસાગરજી ) | ૧૦૯ |
| ૧૪. | શ્રી ઘંટાકર્ણ અષ્ટક | ( ,, શ્રીદેવેન્દ્રસાગરજી ) | ૧૧૦ |
| ૧૫. | સીમંધર જિન સ્તવન | ( ,, શ્રીદક્ષવિજયજી ) | ૧૩૩ |
| ૧૬. | શ્રી નેમિનાથ સ્તવન | ( ,, શ્રીદેવેન્દ્રસાગરજી ) | ૧૩૪ |
| ૧૭. | કાળ પ્રાબલ્ય | ( ગોવિંદલાલ કકલદાસ પરીખ ) | ૧૩૫ |
| ૧૮. | શ્રી નેમિનાથ જિન સ્તવન | ( મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી ) | ૧૫૭ |
| ૧૯. | શ્રી મહાવીર જિન સ્તવન | ( મુનિરાજ શ્રીદક્ષવિજયજી ) | ૧૫૮ |
| ૨૦. | શત્રુંજયતીર્થ યાત્રાદર્શન | ( અમરચંદ માવજી શાહ ) | ,, |
| ૨૧. | શ્રી સુવિધિનાથ જિન સ્તવન | ( આ. શ્રીવિજયલબ્ધિસૂરિજી ) | ૧૮૧ |
| ૨૨. | શ્રી મહાવીર જિન સ્તવન | ( મુનિરાજ શ્રી સુશીલવિજયજી ) | ૧૮૨ |
| ૨૩. | શ્રી આત્મારામજીકી જન્મ જયન્તિ પર | ( શ્રી જુગરાજ રાઠોડ સાહિત્યરત્ન ) | ૧૮૯ |
| ૨૪. | સિદ્ધગિરિ તીર્થાધિરાજ સ્તવન | ( મુનિરાજ શ્રી સુશીલવિજયજી ) | ૨૦૫ |
| ૨૫. | શ્રી મંત્રાધિરાજ અષ્ટક | ( ,, શ્રીદેવેન્દ્રસાગરજી ) | ૨૦૬ |
| ૨૬. | એ તો ! અલખ નિરંજન એકલો | (ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી) | ટા. પા. ૩ અંક ૧૦ મો |
| ૨૭. | શ્રી શીતલનાથ જિન સ્તવન | ( પં. શ્રીલક્ષ્મીસાગરજી ) | ૨૨૯ |
| ૨૮. | આ. ભગવાન શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરની સ્તુતિ | ( મુનિરાજ શ્રી વિનયવિજયજી ) | ૨૩૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૯. શ્રી ગોઘામંડન શ્રી નવખંડા પાર્શ્વનાથ સ્તવન | ( અમરચંદ માવજી શાહ ) | ૨૪૨ |
| ૩૦. સદ્‌ગુરૂ સ્મરણ | ( મુનિરાજ શ્રી દેવેન્દ્રસાગરજી ) | ૨૫૧ |
| ૩૧. તવંગર હો તો ઐસા હો | ( શ્રી વેલજીભાઇ ) | ૨૫૨ |
| ૩૨. શ્રી સંભવનાથનું સ્તવન | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૨૫૩ |
| ૩૩. તુમ સુનો ! સુનો ! ભારતકે લોકો | ( ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી ) | ૨૫૪ |
| ૩૪. બાળધૂન | ( અચ્ચાબાબા ) | ૨૭૧ |


## ૨. ગદ્ય વિભાગ.


| | | |
|---|---|---|
| ૧. નૂતન વર્ષનું મંગળમય વિધાન | ( શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ ) | ૨ |
| ૨. બૌદ્ધ દર્શનસંમત અહિંસાનું સ્વરૂપ | ( મુનિરાજ શ્રીજંબૂવિજયજી ) | ૭, ૨૩ |
| ૩. સુખી કેમ થવાય? | ( આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૧૨ |
| ૪. આ પર્યુષણ મહાપર્વ કઇ રીતે ઉજવશો? | ( મુનિરાજ ન્યાયવિજયજી ત્રિપુટી ) | ૧૬ |
| ૫. વિવેકદષ્ટિ બનો | ( આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૨૭ |
| ૬. ચિંતા | ( અનુ. ' અભ્યાસી ' બી. એ. ) | ૩૨ |
| ૭. શ્રીસુવિધિનાથનું સ્તવન | ( પંડિત લાલન ) | ૩૫ |
| ૮. યાત્રાના નવાણું દિવસ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૭, ७૭, ૯૬, ૧૫૧ |
| ૯. વિચારશ્રેણી | ( આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૪૩, ૨૩૩ |
| ૧૧. યુગપ્રધાન જગદ્‌ગુરુ વિજયહીરસૂરિજી | ( મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી ) | ૪૬ |
| ૧૧. ધર્મકૌશલ્ય | ( મૌક્તિક ) | ૪૭, ૭૩, ૧૦૧, ૧૨૭, ૧૪૯, ૧૭૧, ૧૯૧, ૨૧૫, ૨૪૩ |
| ૧૨. અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉત્પત્તિ | ( સન્માર્ગ ઇચ્છક ) | ૪૯ |
| ૧૩. ત્યાગનું સ્વરૂપ | ( અનુ. ' અભ્યાસી ' બી. એ. ) | ૫૧ |
| ૧૪. સિદ્ધચક્રજીની ભવ્ય આરાધના | ( મુનિરાજ લક્ષ્મીસાગરજી ) | ૫૨ |
| ૧૫. આત્મસાધના | ( અમરચંદ માવજી શાહ ) | ૫૭, ૭૯. ૧૦૩, ૧૨૯ |
| ૧૬. આરામની આવશ્યકતા | ( આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૬૪ |
| ૧૭. જ્ઞાતા અને જ્ઞેય | ( સન્માર્ગ ઇચ્છક ) | ૬૭ |
| ૧૮. કેટલાક ભૌગોલિક સ્થળોનાં નામો | ( મુનિરાજ શ્રીભુવનવિજયજી ) | ૬૯ |
| ૧૯. જ્ઞાનપંચમી તપ આરાધો | ( મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી ) | ૭૨ |
| ૨૦. મંગળમય વાણી | ( અનુ. ' અભ્યાસી ' બી. એ. ) | ૭૫ |
| ૨૧. વિશ્વવિભૂતિને સ્મરણાંજલિ | ( મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજ ) | ૮૦ |
| ૨૨. જય જવાહર | ( શ્રીજદુભાઇ મ્હેતા ) | ૮૧ |
| ૨૩. કેટલાક સદ્‌બોધક દૃષ્ટાંતો | ( શ્રી ' અભ્યાસી ' બી. એ. ) | ૮૨, ૯૯ |
| ૨૪. શ્રીનંદિસૂત્ર મલયગિરીયાવૃત્તિમાં આવતા દાર્શનિક સાક્ષિપાઠોના મૂલ સ્થાનો | ( મુનિરાજ શ્રીજંબૂવિજયજી મહારાજ ) | ૮૮, ૧૧૧, ૧૩૬, ૧૫૯ |
| ૨૫. સ્યાદ્વાદમંજરી | ( મુનિરાજ શ્રીપૂર્ણાનંદવિજયજી ) | ૯૨, ૧૪૪, ૧૬૮, ૨૧૭ |
| ૨૬. અંતસમયે ખાસ લક્ષમાં રાખવા યોગ્ય | ( મુમુક્ષુ ) | ૯૪ |
| ૨૭. પવિત્રાપવિત્ર મિમાંસા | ( આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૧૧૭ |
| ૨૮. ન્યાયરત્નાવળી | ( મુનિરાજશ્રી ધુરંધરવિજયજી ) | ૧૨૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૯. પવિત્ર જીવનનું રહસ્ય | ( અનુ. ' અભ્યાસી ' બી. એ. ) | ૧૩૦ |
| ૩૦. સાંપ્રદાયિકપણું અને કર્તવ્ય | ( મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજ ) | ૧૪૧ |
| ૩૧. ક્રિયાશુદ્ધિદ્વારા જ્ઞાનયોગપ્રાપ્તિદ્વારા મુક્તિ | (મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજ સં.પા.) | ૧૪૩, ૧૬૬ |
| ૩૨. શ્રીયશોવિજયજી કૃત વાસુપૂજ્ય, જિનસ્તવનનું વિવેચન | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મ્હેતા ) | ૧૪૬ |
| ૩૩. રાગી અને ત્યાગી | ( અનુ. ' અભ્યાસી ' બી. એ. ) | ૧૫૪ |
| ૩૪. દ્વાત્રિંશિકા બત્રીશ-બત્રીશીઓ | ( આ. શ્રીવિજયપદ્મસૂરિજી ) | ૧૬૪, ૨૧૧, ૧૨૩ |
| ૩૫. શ્રીચંદ્રાનન જિનસ્તવન | ( સં. ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૧૭૩ |
| ૩૬. પરમધ્યેય શ્રીનવપદજી | ( આ. શ્રીવિજયજંબૂસુરિજી મહારાજ ) | ૧૮૪ |
| ૩૭. સુવાક્યામૃતો | ( વ્યા. કા. તીર્થ મુનિશ્રી પૂર્ણાનન્દવિજયજી ) | ૧૯૩ |
| ૩૮. ધ્યાન અને ચિત્તની ત્રણ અવસ્થા | ( સન્માર્ગ ઇચ્છક ) | ૧૯૪, ૨૩૧ |
| ૩૯. ચારૂશીલા રમણીરત્નો | ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૯૬, ૨૧૯ |
| ૪૦. સેવાના બદલાની ચાહના | ( જૈનપત્રમાંથી ઉધ્ધૃત ) | ૧૯૮ |
| ૪૧. સંત વચન | ( અનુ. ' અભ્યાસી ' બી. એ. ) | ૧૯૯ |
| ૪૨. આરોગતા અને અરોગ્યતા | ( આ. શ્રીવિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૦૭ |
| ૪૩. એકાન્તનો મહિમા | ( અનુ. અભ્યાસી. બી. એ. ) | ૨૨૩ |
| ૪૪. માનવ જીવન મહાવ્રત છે | ( નાથજી ) | ૨૨૫ |
| ૪૫. ભગવાન મહાવીરનો જ ધર્મ વિશ્વરક્ષા કરી શકે તેમ છે. | ( કાકા કાલેલકર ) | ૨૨૭ |
| ૪૬. ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ. | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા ) | ૨૩૬ |
| ૪૭. શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વિહરમાન જિન સ્તવનમાંહેનું અગિયારમા શ્રી વજ્રધર જિન સ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૨૩૮ |
| ૪૮. જૈનધર્મ એ વિજ્ઞાન ધર્મ છે. | ( શ્રીયુત્ ફત્તેહચંદ ઝવેરભાઇ ) | ૨૪૫ |
| ૪૯. શ્રી પર્યુષણ પર્વનો પવિત્ર પેગામ | ( આ૦ વિજયલબ્ધિસૂરીજી મ૦. ) | ૨૫૫ |
| ૫૦. આંસુના બે બિન્દુઓ | ( મુનિશ્રી ધુરંધરવિજયજી ) | ૨૫૬ |
| ૫૧. ઇચ્છાયોગ વગેરે | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા ) | ૨૫૯ |
| ૫૨. લક્ષ્મી | ( અનુ૦ ચિમનલાલ શાહ ) | ૨૬૧ |
| ૫૩. ધર્મ કૌશલ્ય | ( મૌકિતક ) | ૨૬૪ |
| ૫૪. ચારૂશીલા રમણીરત્નો | ( ચોકસી ) | ૨૬૫ |
| ૫૫. દૈવી ન્યાયમાં વિશ્વાસ | ( અનુ૦ અભ્યાસી ) | ૨૬૭ |


## પ્રકીર્ણ


વર્તમાન સમાચાર, સ્વીકાર સમાલોચના, સભા સમાચાર, ૨૦, ૩૯, ૫૮, ૫૯, ૮૪, ૧૦૬, ૧૦૭, ૧૩૨,
ટા. પા. ૩, ૧૫૫. ૧૮૧, ૨૦૩, ૨૪૯

સુધારો ૨૦૪

શ્રી ગિરનારજી તીર્થનું સમાધાન ૨૭૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગ ૨જો, શુમારે ૩૧૫ પાનાનો ૩ **આદર્શ જૈન સ્ત્રી રત્નો** બીજો ભાગ શુમારે ૧૬૫ પાનાનો એ ત્રણે ગ્રંથો સં. ૨૦૦૬માં સભા તરફથી ધારા પ્રમાણે ભેટ આપવાના છે. આ ત્રણે ગ્રંથો મનનપૂર્વક વાંચવા જેવા અને સુંદર છે. તેની વિશેષ હકીકત હવે પછી આપવામાં આવશે.

---

## જૈન બંધુઓ બ્હેનો અને વાચકોએ જાણવા જેવું.

નીચે લખેલા ત્રણ વર્ષોમાં અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ.

| | | |
|---|---|---|
| સંવત ૨૦૦૩ના વર્ષમાં | ૧ શ્રી સંઘપતિ ચરિત્ર | કિં. રૂા. ૬-૮-૦ |
| | ૨ શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સંવત ૨૦૦૪ના વર્ષમાં | ૧ શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૨-૮-૦ |
| | ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર | ,, ,, ૭-૮-૦ |
| સંવત ૨૦૦૫ના વર્ષમાં | ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર | ,, ,, ૧૩-૦-૦ |
| | | કુલ રૂા. ૪૩-૦-૦ |

એ મુજબ ત્રણ વર્ષમાં રૂા. ૪૩)નાં પુસ્તકો પેટ્રન સાહેબો અને પહેલા વર્ગનાં લાઇફ મેમ્બરોને ભેટ મળી ચુક્યા છે. હજુ પણ રૂા. ૫૦) વધુ ભરી બીજા વર્ગમાંથી પહેલા વર્ગમાં આવનાર સભાસદને સં. ૨૦૦૫ની સાલની ભેટની બુક મળી શકશે. અને તે પછીના વરસોમાં જે જે ગુજરાતી પુસ્તકો છપાશે તે પણ ભેટ મળશે. માટે જેટલો વિલંબ કરવામાં આવે છે તે તે વરસોની ભેટનો અપૂર્વ લાભ ગુમાવે છે.

---

## મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( બાઇન્ડીંગ થાય છે. )

### શ્રી માણિક્યદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતના રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

## અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો.

૧. શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ), ૨. શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, ૩. આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો, ૪. કથા રત્નકોષ, ૫. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ( સચિત્ર ).

ગ્રંથ ૪ અને ૫માં આર્થિક મદદની જરૂર છે.

---

યોજનામાં:—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર )

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## શ્રી આત્માનંદ પ્રકાશનાં ગ્રાહકોને સૂચના.

શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક ૪૬નો છેલ્લો ૧૨મો અંક આજે આપને રવાના કરવામાં આવ્યો છે. આવતા શ્રાવણ માસથી પુસ્તક ૪૭ મું શરૂ થશે. તેનું લવાજમ રૂા. ૩-૦-૦ વસુલ લેવા માટે નીચેની ~~ત્રણ~~ બુકોમાંથી એક બુક ભેટ આપવાની છે.

૧. દંડકવૃત્તિ રૂા. ૧-૦-૦ ૩. સમ્યક્ત્વ કૌમુદિ. રૂા. ૧-૦-૦
૨. મોક્ષપદ સોપાન. રૂા. ૧-૦-૦ ૪. ધર્મપરિક્ષા. રૂા. ૧-૦-૦

જે ગ્રાહકોને ચારમાંથી જે એક બુક પોતાની પસંદગીની જોઇતી હોય તેમણે શ્રાવણ શુદ ૧૦ સુધીમાં સભાને પત્રથી ખબર આપવા તો તેમને તે બુક વી. પી. કરશું. જવાબ નહિં આવે તો સગવડ મુજબ ચાર બુકમાંથી એક બુક આપને શ્રાવણ માસમાં ક્રમસર ૪૭ ~~મા ચાલુ~~ વર્ષના રૂા. ૩-૦-૦ લવાજમના અને ભેટની બુકનું વી. પી. ખર્ચ રૂા. ૦-૮-૦ મળી રૂા. ૩-૮-૦ લવાજમ વસુલ કરવા વી. પી. કરવામાં આવશે. જેથી એ મુજબ વી. પી. સ્વીકારી લેવા નમ્ર સૂચના કરીયે છીયે. અથવા શ્રાવણ શુદ ૮ સુધીમાં મનીઓર્ડરથી રૂ. ૩-૪-૦ મોકલશે તેને ભેટ બુક મોકલી આપશું વી. પી. ખર્ચ ૦-૪-૦ ફાયદો થશે.

તા. કઃ—૧. રૂા. ૫૦૧) ભરનાર સભાના પેટ્રન થઇ શકે છે.

,, ,, ૨. ,, ૧૦૧) ભરી સભાનાં પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થનારને 'આત્માનંદ પ્રકાશ' માસિક જીંદગી સુધી ભેટ મોકલાય છે અને સભા તરફથી પ્રગટ થતાં કોઇપણ ગુજરાતી ગ્રંથો ભેટ આપવામાં આવે છે. તો જૈન બંધુઓ આ લાભ લેવા જેવો છે તેવી નમ્ર સૂચના કરીયે છીયે. પછી સભાસદ તરીકેનું કે આત્માનંદ પ્રકાશનું લવાજમ દરવર્ષે સભાસદોનું લવાજમ કંઇ પણ જીંદગી સુધી ભરવું પડતું નથી.

---

## ॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર. )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર સારભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા. તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only